સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **51**

[DEC - 2023]
[17/12/23 to 23/12/23]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)






JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ
રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે ક્લિક કરો.

# Timeline


**17 DEC-2023**

- પોમ્પે રોગ (Pompe disease) ... 02
- કુવૈતના શાસક શ્રી અમીર શેખ નવાફ અલ અહેમદ અલ સબાહનું નિધન ... 03
- BCCIએ શ્રી એમ.એસ. ધોનીની આઈકોનિક નંબર 7 જર્સીને નિવૃત કરવાનો નિર્ણય લીધો ... 03
- QUESTION ANSWERS ... 05

**18 DEC-2023**

- દિવસ મહિમા : 18 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ, વિશ્વ લઘુમતી અધિકાર દિવસ ... 06
- વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ 'સુરત ડાયમંડ બુર્સ'નું ઉદ્દઘાટન ... 07
- સુરત એરપોર્ટને ઇન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો ... 08
- ઇ-સિગારેટ : WHO દ્વારા સરકારોને પ્રતિબંધની ભલામણ ... 09
- ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર 2023 ... 09
- QUESTION ANSWERS ... 11

**19 DEC-2023**

- દિવસ મહિમા : 19 ડિસેમ્બર, ગોવા મુક્તિ દિન ... 12
- વારાણસીમાં વિશ્વનું સૌથી મોટું ધ્યાન કેન્દ્ર : સ્વર્વેદ ... 12
- LEADS રિપોર્ટ 2023 ... 13
- વ્યાસ સન્માન 2023 સુશ્રી પુષ્પા ભારતીને એનાયત કરવામાં આવશે ... 15
- QUESTION ANSWERS ... 16

**20 DEC-2023**

- દિવસ મહિમા : 20 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ (International Human Solidarity Day) ... 17
- ભારત-ઓમાન દ્વિપક્ષીય બેઠક ... 17
- ઈજિપ્તના રાષ્ટ્રપતિ તરીકે શ્રી અબ્દેલ ફત્તાહ અલ-સીસી ત્રીજી વખત જીત્યા ... 20
- વિજય હજારે ટ્રોફી 2023-24 હરિયાણા ચેમ્પિયન ... 21
- QUESTION ANSWERS ... 22

**21 DEC-2023**

- ચોથી પેઢીનો પરમાણુ પ્લાન્ટ : ચીન ... 23
- આકાશ સરફેસ-ટુ-એર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ... 23
- ચંદ્રયાન-3 મિશનને 'લીફ એરિક્સન લુનર પ્રાઈઝ' એનાયત ... 25
- National Sports Award 2023ની યાદી જાહેર ... 26
- QUESTION ANSWERS ... 32

**22 DEC-2023**

- દિવસ મહિમા : 22 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગણિત દિવસ (National Mathamatics Day) ... 33
- ભારત અને ADBએ દિલ્હી-મેરઠ RRTS કોરિડોર માટે 250 મિલિયન ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા ... 33
- વિશ્વનો સૌથી જૂનો કિલ્લો મળી આવ્યો ... 35
- કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ ... 35
- QUESTION ANSWERS ... 37

**23 DEC-2023**

- દિવસ મહિમા : 23 ડિસેમ્બર, કિસાન દિવસ ... 38
- બિહારનો પુનૌરા ધામ પ્રોજેક્ટ ... 40
- પોસ્ટ ઓફિસ બિલ, 2023 (Post Office Bill, 2023) ... 40
- નરસંહાર પર UNODCનો વૈશ્વિક અભ્યાસ રિપોર્ટ, 2023 ... 41
- QUESTION ANSWERS ... 43

**ONE LINER** ... 44

**QUESTION OF THIS WEEK** ... 50


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પોમ્પે રોગ (Pompe disease)

તાજેતરમાં ભારતના પ્રથમ પોમ્પે રોગ (Pompe disease)ના દર્દીનું અર્ધ–કોમા અવસ્થામાં રોગ સામે લડ્યા બાદ 24 વર્ષની વયે તેમનું નિધન થયું છે.

### પોમ્પે રોગ શું છે ?

પોમ્પે રોગને ગ્લાયકોજન સ્ટોરેજ ડિસીઝ પ્રકાર-II તરીકે પણ ઓળખવામાં આવે છે.

- તે શરીરના કોષોના લાયસોઝોમ (લાયસોસમ)માં ગ્લાયકોજનના સંચય દ્વારા વર્ગીકૃત થયેલ છે.
- આ રોગ દુર્લભ આનુવંશિક વિકાર છે જે એન્ઝાઈમ એસિડ આલ્ફા–ગ્લુકોસિડેઝ (GAA)ની ઉણપને કારણે થાય છે.
- આ એન્ઝાઈમ કોશિકાઓના લાયસોઝોમની અંદર ગ્લાયકોજનને ગ્લુકોઝમાં તોડવા માટે મહત્ત્વપૂર્ણ છે.
- લાયસોસોમ્સ એ પટલથી બંધાયેલા ભાગો છે જેમાં ઉત્સેચકોની શ્રેણી હોય છે.
- જે તમામ પ્રકારના જૈવિક પોલિમર–પ્રોટીન, ન્યુક્લિક એસિડ, કાર્બોહાઈડ્રેટ્સ અને લિપિડને તોડી પાડવામાં સક્ષમ હોય છે.

### લક્ષણો

સ્નાયુઓની નબળાઈ, સ્નાયુનાં વિકાસમાં વિલંબ, હાડકા પર ડિજનરેટિવ અસર, શ્વસન સમસ્યાઓ, હૃદયની સમસ્યાઓ, દૈનિક જીવન પર અસર વગેરે તેમના લક્ષણો છે.

### નિદાન

ઉણપવાળા એન્ઝાઈમ GAAની પ્રવૃત્તિને માપવા માટે એન્ઝાઈમ ટેસ્ટ કરવામાં આવે છે.

- આનુવંશિક પરીક્ષણ સંકળાયેલ GAA જનીનમાં પરિવર્તનની ઓળખ કરે છે.
- અને આનુવંશિક વિશ્લેષણ પોમ્પે રોગ સાથે સંકળાયેલ ચોક્કસ પરિવર્તનની હાજરીની પૃષ્ઠિ કરે છે.

### સારવાર

હાલમાં પોમ્પે રોગનો કોઈ કાયમી ઈલાજ નથી.

- પરંતુ લક્ષણો દૂર કરવા અને દર્દીના જીવનની ગુણવત્તા સુધારવા માટે ટૂંકા ગાળાના સારવાર વિકલ્પો ઉપલબ્ધ છે.
- એન્ઝાઈમ રિપ્લેસમેન્ટ થેરાપી (ERT) એ એક સામાન્ય સારવાર પદ્ધતિ છે. જેમાં ગ્લાયકોજન સંચયને ઘટાડવા માટે ઉણપવાળા એન્ઝાઈમનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કુવૈતના શાસક શ્રી અમીર શેખ નવાફ અલ અહેમદ અલ સબાહનું નિધન

કુવૈતના શાસક અમીર શેખ અલ અહેમદ અલ સબાહનું તાજેતરમાં 86 વર્ષની વયે નિધન થયું છે.

- અમીર શેખ નવાફ અલ અહેમદ અલ સબાહનો જન્મ 25 જૂન, 1937ના રોજ કુવૈત સિટીમાં થયો હતો.
- તેમને વર્ષ 2020માં કુવૈતની સત્તા સોંપવામાં આવી હતી.
- વર્ષ 2020માં તેમણે તેમના પુરોગામી સ્વર્ગસ્થ શેખ સબાહ અલ અહમદ અલ સબાહના મૃત્યુ પછી અમીર તરીકે શપથ લીધા હતા.
- તેઓ તેમની કૂટનીતિ અને શાંતિ સ્થાપવા માટે જાણીતા હતા.
- અગાઉ તેમણે કુવૈતના આંતરિક અને સંરક્ષણ મંત્રી તરીકે સેવા આપી હતી.



## BCCIએ શ્રી એમ.એસ. ધોનીની આઈકોનિક નંબર 7 જર્સીને નિવૃત કરવાનો નિર્ણય લીધો

તાજેતરમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડએ ભૂતપૂર્વ કેપ્ટન શ્રી એમ.એસ.ધોનીની આઈકોનિક નંબર 7 જર્સીને નિવૃત્ત કરવાનો નિર્ણય લીધો છે.

- BCCIએ ક્રિકેટમાં તેમના યોગદાનને ધ્યાનમાં રાખીને શ્રી મહેન્દ્રસિંહ ધોનીની 7 નંબરની જર્સીને નિવૃત્ત કરવાનો નિર્ણય લીધો છે.
- શ્રી સચિન તેંડુલકર પછી શ્રી મહેન્દ્રસિંહ ધોની પ્રથમ એવા ક્રિકેટર છે જેમની જર્સી બોર્ડ દ્વારા નિવૃત્તિ લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.
- આ અગાઉ વર્ષ 2017માં શ્રી સચિન તેંડુલકરની જર્સી નંબર 10ને નિવૃત્ત કરવાનો નિર્ણય લીધો હતો.

### શ્રી મહેન્દ્રસિંહ ધોની

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી મહેન્દ્રસિંહ ધોનીનો જન્મ 7 જુલાઈ 1981ના રોજ ભારતમાં વર્તમાન ઝારખંડના રાંચી ખાતે થયો હતો.

- શ્રી મહેન્દ્રસિંહ ધોનીની આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કારકિર્દીનો પ્રારંભ 23 ડિસેમ્બર, 2004ના રોજ બાંગ્લાદેશ સામેની વન ડે મેચથી થયો હતો.
- શ્રી મહેન્દ્રસિંહ ધોનીની કેપ્ટનશિપ હેઠળ ભારતીય ક્રિકેટ ટીમે 'પ્રથમ ICC ટી–20 વર્લ્ડ કપ 2007, 'એશિયા કપ 2010', 'ICC વન ડે વર્લ્ડ કપ 2011', 'ICC ચેમ્પિયન ટ્રોફી 2013', 'એશિયા કપ 2016' જેવી મહત્ત્વની આંતરરાષ્ટ્રીય ટ્રોફી જીતી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS




- શ્રી મહેન્દ્રસિંહ ધોનીએ 350 વન ડે મેચોમાં 50.53ની એવરેજથી 10,773 રન બનાવ્યા છે. જ્યારે ટેસ્ટ ક્રિકેટમાં 90 મેચમાં 4876 અને ટી–20 ક્રિકેટમાં 98 મેચમાં 1617 રન બનાવ્યા છે.
- મહેન્દ્રસિંહ ધોનીને ખેલ રત્ન (2007-08), પદ્મશ્રી (2009), પદ્મ ભૂષણ (2018) અને 'ICC વન ડે ઓફ ધ યર' (2008 અને 2009માં) જેવા પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા છે.
- શ્રી મહેન્દ્રસિંહ ધોનીને માહી, કેપ્ટન કૂલ, MSD જેવા નીક નેઈમથી પણ ઓળખવામાં આવે છે.



1. તાજેતરમાં સમાચારમાં રહેલ 'પોમ્પે રોગ' (Pompe disease)ના પ્રથમ દર્દીનું નિધન થયું હતું. આ પોમ્પે રોગ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને ગ્લાયકોજન સ્ટોરેજ ડિસીઝ પ્રકાર II તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. તે શરીરના કોષોના લાયસોસમ ગ્લાયકોજનના સંચય દ્વારા વર્ગીકૃત થયેલ છે.
3. આ રોગ દુર્લભ આનુવંશિક વિકાર છે જે એન્ઝાઈમ એસિડ આલ્ફા ગ્લુકોસિડેઝ (GAA)ની ઉણપને કારણે થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3　(B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2　(D) 1, 2 અને 3　**(D)**

2. તાજેતરમાં શેખ નવાફ અલ અહેમદ અલ સબાહનું નિધન થયું હતું. તેઓ ક્યાંના શાસક હતા ?

(A) દુબઈ　(B) કુવૈત　(C) સીરિયા　(D) સુદાન　**(B)**

3. તાજેતરમાં BCCIએ 7 નંબરની જર્સીને નિવૃત્ત કરવાનો નિર્ણય લીધો હતો. આ 7 નંબરની જર્સી કયા ખેલાડીની હતી ?

(A) શ્રી મહેન્દ્રસિંહ ધોની　(B) શ્રી સચિન તેંડુલકર
(C) શ્રી યુવરાજ સિંહ　(D) શ્રી ગૌતમ ગંભીર　**(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 18 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ (International Migrants Day) (2) વિશ્વ લઘુમતી અધિકાર દિવસ

### આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ




સમગ્ર વિશ્વમાં 18 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 4 ડિસેમ્બર, 2000ના રોજ દર વર્ષે 18 ડિસેમ્બરને 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ ઉપરાંત આ દિવસે વર્ષ 1990માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની જનરલ એસેમ્બલી દ્વારા તમામ સ્થળાંતર કામદારો અને તેમના પરિવારના સભ્યોના સંરક્ષણ પર આંતરરાષ્ટ્રીય સંમેલન અપનાવવામાં આવ્યું હતું.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સ્થળાંતર કરનારાઓના અધિકારોનું રક્ષણ સુનિશ્ચિત કરવાનો છે.

### વિશ્વ લઘુમતી અધિકાર દિવસ

ભારત સહિત સમગ્ર વિશ્વમાં વંશીય લઘુમતીઓ માટે સ્વતંત્રતા અને સમાનતાના અધિકારને જાળવી રાખવા અને લઘુમતીઓના સન્માન અંગે જાગૃતિ લાવવા દર વર્ષે 18 ડિસેમ્બરને 'વિશ્વ લઘુમતી અધિકાર દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- આ દિવસ વિવિધ વંશીય મૂળના લઘુમતી સમુદાયો દ્વારા સામનો કરવામાં આવતા પડકારો અને સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રીત કરે છે.
- વર્ષ 1992માં 18 ડિસેમ્બરને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વિશ્વ લઘુમતી અધિકાર દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.
- સંયુક્ત રાષ્ટ્રની વ્યાખ્યા મુજબ જે સમુદાયનો સામાજિક, આર્થિક અને રાજકીય રીતે કોઈ પ્રભાવ નથી અને જેની વસતી નહિવત છે તેને લઘુમતી કહેવામાં આવે છે.
- નોંધનીય છે કે ભારતીય બંધારણના અનુચ્છેદ 29, 30, 350A અને 350B માં લઘુમતી શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે પરંતુ તેની વ્યાખ્યા ક્યાંય આપવામાં આવી નથી.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- સંયુક્ત રાષ્ટ્રએ 18 ડિસેમ્બર, 1992ના રોજ ધાર્મિક અથવા વંશીય લઘુમતીઓ સાથે જોડાયેલ વ્યક્તિઓના અધિકારો પર નિવેદન (Statement) અપનાવ્યું હતું.
- ભારતમાં રાષ્ટ્રીય લઘુમતી આયોગ દ્વારા આ દિવસનું આયોજન કરવામાં આવે છે.
- રાષ્ટ્રીય લઘુમતી આયોગની સ્થાપના વર્ષ 1992માં કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય લઘુમતી આયોગ અધિનિયમ હેઠળ કરવામાં આવી હતી.

## વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ 'સુરત ડાયમંડ બુર્સ'નું ઉદ્ઘાટન

17 ડિસેમ્બર, 2023ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતમાં 'સુરત ડાયમંડ બુર્સ'નું ઉદ્ઘાટન કર્યુ હતું.



- Surat Diamond Bourse એ એક જ પ્રોજેક્ટમાં વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ હોવાનું માનવામાં આવે છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે સુરત ડાયમંડ બુર્સ ન્યૂ ઈન્ડિયાની તાકાત અને દૃઢ સંકલ્પનું પ્રતીક છે.
- આ ભવ્ય પ્રોજેક્ટ માત્ર ભારતની ઉદ્યોગસાહસિક ભાવનાનો પુરાવો નથી, પરંતુ સુરતના હીરા ઉદ્યોગ માટે પણ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.
- હાલમાં સુરતનું હીરા વેપારનું બજાર મહિધરપરા ડાયમંડ માર્કેટ અને વરાછા ડાયમંડ માર્કેટ ખાતે આવેલું છે.
- સુરત ડાયમંડ બુર્સ બિલ્ડિંગે અલગ–અલગ ક્રાઈટેરિયામાં વિશ્વના બે સૌથી મોટા બિલ્ડિંગ–દુબઈની બુર્જ ખલીફા અને અમેરિકાના પેન્ટાગોનને પછડાટ આપી છે.
- નોંધનીય છે કે સુરત ડાયમંડ બુર્સનું બાંધકામ ડિસેમ્બર 2017માં શરૂ થયું હતું.

### Surat Diamond Bourse

સુરત ડાયમંડ બુર્સ રૂ. 3400 કરોડના ખર્ચે તૈયાર થયું છે. જે સુરતના ખજોદ ખાતે આવેલું છે.

- 6,60,000 ચોરસ મીટરમાં ફેલાયેલ સુરત ડાયમંડ બુર્સમાં વર્ષે 2 લાખ કરોડ કરતા વધુનો ડાયમંડ વેપાર થશે.
- સુરત ડાયમંડ બુર્સમાં 10 હજારથી વધુ ટૂ–વ્હીલર અને 4500થી વધુ ફોર–વ્હીલર પાર્કિંગની વ્યવસ્થા છે.
- તેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ડાયમંડ વેપારીઓ માટે 4200 ઓફિસ છે.
- તેમાં વેપારીઓ અને અન્ય લોકો માટે રહેવાની સુવિધા તેમજ હાઉસિંગ કોલોણી પણ હશે.
- અહીં ઓફિસો 300 થી 75000 ચોરસ ફૂટ સુધીની છે, જે હીરા સંબંધિત પ્રવૃત્તિઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરે છે.

- તેમાં રફ અને પોલિશ્ડ હીરાનું વેચાણ, ડાયમંડ મેન્યુફેક્ચરિંગ મશીનરી, ડાયમંડ પ્લાનિંગ માટે સોફ્ટવેર, ડાયમંડ સર્ટિફિકેશન કંપની, લેબમાં ઉત્પન્ન કરવામાં આવેલા હીરા વગેરે સામેલ હશે.
- આ ઉપરાંત એક્સચેન્જમાં 27 ડાયમંડ જ્વેલરી રિટેલ સ્ટોર્સને સમાવી શકાશે જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ગ્રાહકોને સેવા આપશે.
- દિલ્હી સ્થિત એક પ્રખ્યાત આર્કિટેક્ચરલ કંપની, મોર્ફોજેનેસિસ દ્વારા ડિઝાઈન કરાયેલ સુરત ડાયમંડ બોર્સ આર્કિટેક્ચરલ અજાયબી તરીકે ઊભું છે.

**નોંધ :** પેન્ટાગોન એ યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સનું હેડક્વાર્ટર બિલ્ડિંગ છે, તે અત્યાર સુધીનું સૌથી મોટું ઓફિસ બિલ્ડિંગ હતું.

## સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલ એરપોર્ટનો દરજ્જો




તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે સુરત એરપોર્ટને 'ઈન્ટરનેશનલ એરપોર્ટ' તરીકે જાહેર કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે.

- સુરત એરપોર્ટ માત્ર આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટેનું પ્રવેશદ્વાર જ નહીં પણ સમૃદ્ધ હીરા અને કાપડ ઉદ્યોગ માટે સીમલેસ નિકાસ-આયાત કામગીરીની સુવિધા પણ આપશે.
- આ વ્યૂહાત્મક પગલું અભૂતપૂર્વ આર્થિક સંભવિતતાને અનલોક કરવાનું વચન આપે છે, જે સુરતને આંતરરાષ્ટ્રીય ઉડ્ડયન લેન્ડસ્કેપમાં મુખ્ય અગ્રણી બનાવે છે.
- ભારતના ઝડપી વિકસતા સુરત શહેરે નોંધપાત્ર આર્થિક કૌશલ્ય અને ઔદ્યોગિક વિકાસ દર્શાવ્યો છે.
- સુરત એરપોર્ટને આંતરરાષ્ટ્રીય દરજ્જો અપાવવો એ આર્થિક વિકાસને વધારવા, વિદેશી રોકાણ આકર્ષવા અને જરૂરી રાજદ્વારી સંબંધોને મજબૂત કરવા માટે સર્વોપરી છે.
- નોંધનીય છે કે 17 ડિસેમ્બર, 2023ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરત એરપોર્ટ ખાતે નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

**નોંધ:** (1) ગુજરાતના અન્ય ઈન્ટરનેશનલ એરપોર્ટમાં 'સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ' (અમદાવાદ) અને 'રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ' (હિરાસર)નો સમાવેશ થાય છે.

(2) આ ઉપરાંત ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ એ એક નિર્માણાધીન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને ગ્રીનફિલ્ડ એરપોર્ટ છે, જે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનને સેવા આપશે.

## ઇ-સિગારેટ : WHO દ્વારા સરકારોને પ્રતિબંધની ભલામણ

તાજેતરમાં <u>વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)</u>એ સરકારોને તમાકુ જેવી જ <u>ઈ–સિગારેટ</u>ને ધ્યાનમાં લેવા અને તેના તમામ ફ્લેવર પર પ્રતિબંધ મૂકવા વિનંતી કરી છે.

### ઇ-સિગારેટ શું છે ?

<u>ઈ–સિગારેટ</u> અથવા તો <u>ઈલેક્ટ્રોનિક સિગારેટ</u> એ બેટરીથી ચાલતું એક સાધન છે કે જે તેમાં રહેલા પ્રવાહીને <u>એરોસોલ</u>માં પરિવર્તિત કરે છે.

- જેને ઈ–સિગારેટ પીનાર શ્વાસમાં લે છે અને બહાર કાઢે છે.
- ઈ–સિગારેટમાં જે પ્રવાહી હોય છે તેમાં **<u>Propylene glycol</u>**, **<u>Glycerin</u>**, **<u>Nicotine</u>**, **<u>Flavorings</u>** તથા <u>સીસુ</u> જેવી ધાતુઓ અને અન્ય હાનિકારક રસાયણો હોય છે.



- જેનાથી <u>કેન્સર</u> થવાનું જોખમ રહે છે.
- આ ઉપરાંત ઈ–સિગારેટના એરોસોલમાં <u>ડાયાસીટીલ નામનું</u> રસાયણ પણ હોય છે, જે <u>ફેફસાના રોગો</u> માટે જવાબદાર છે.
- વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા સંશોધન અનુસાર ઈ–સિગારેટ દ્વારા <u>મગજના સ્ટેમ સેલ</u>ને પણ નુકસાન થાય છે.
- આ ઉપરાંત તે યુવાનોમાં શીખવાની વિકૃતિઓનું કારણ બને છે અને સગર્ભા સ્ત્રીઓમાં ગર્ભના વિકાસ પર પ્રતિકૂળ અસર કરે છે.
- નિકોટિન ધરાવતી ઈ–સિગારેટને અત્યંત વ્યસનકારક માનવામાં આવે છે, જે વપરાશકર્તાઓ અને નજીકના લોકો બંને માટે સ્વાસ્થ્ય માટે જોખમી છે.
- ઈ–સિગારેટમાં નિકોટિનની વ્યસનયુક્ત પ્રકૃતિ, ખાસ કરીને યુવા વપરાશકર્તાઓમાં નિકોટિનના વ્યસન સામે લડવા અંગે ચિંતા ઊભી કરે છે.

**નોંધ:** (1) ભારતમાં ઈ–સિગારેટ અને તેના જેવા ઉપકરણોનો કબજો એ <u>ઈલેક્ટ્રોનિક સિગારેટના નિષેધ અધિનિયમ (PECA) 2019</u>નું ઉલ્લંઘન છે.

(2) <u>વર્ષ 2019</u>માં ગુજરાત સરકારે પણ ઈ–સિગારેટ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો હતો.

## ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર 2023

તાજેતરમાં વર્ષ 2023 માટે શાંતિ, નિઃશસ્ત્રીકરણ અને વિકાસ માટે '<u>ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર</u>' સંયુક્ત રીતે <u>ડેનિયલ બેરેનબોઈમ</u> અને <u>અબુ અવવાદ</u>ને એનાયત કરવામાં આવ્યો છે.

- ઈઝરાયેલ–પેલેસ્ટાઈન સંઘર્ષના અહિંસક ઉકેલ માટે ઈઝરાયેલ અને આરબ દેશોના યુવાનો અને લોકોને એકસાથે લાવવાના તેમના પ્રયાસો માટે આ પુરસ્કાર આપવામાં આવ્યો છે.
- બેરેનબોઈમ એક પ્રખ્યાત આર્જેન્ટિનામાં જન્મેલા શાસ્ત્રીય પિયોનોવાદક છે અને અબુ અવવાદ મધ્યપૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષના શાંતિપૂર્ણ ઉકેલ માટે કામ કરતા પ્રખ્યાત પેલેસ્ટિયન શાંતિ કાર્યકર્તા છે.

## ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર

પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીની યાદમાં ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા વર્ષ 1986માં શાંતિ, નિઃશસ્ત્રીકરણ અને વિકાસ માટે ઈન્દિરા ગાંધી એવોર્ડની સ્થાપના કરવામાં આવી હતી.

- આ એવોર્ડ વિજેતા વ્યક્તિ કે સંસ્થાને પ્રશસ્તિ પત્રની સાથે રૂ.25 લાખ રૂપિયાની રકમ પણ આપવામાં આવે છે.
- આ પુરસ્કાર એવી વ્યક્તિઓ અથવા સંસ્થાઓને આપવામાં આવે છે જેઓ આંતરરાષ્ટ્રીય શાંતિ અને વિકાસ સુનિશ્ચિત કરવા માટે કામ કરે છે.
- તે સુનિશ્ચિત કરે છે કે વૈજ્ઞાનિક શોધનો ઉપયોગ સ્વતંત્રતા અને બહેતર માનવતાના ક્ષેત્રને આગળ વધારવા અને નવી આંતરરાષ્ટ્રીય આર્થિક વ્યવસ્થા બનાવવા માટે કરવામાં આવે.



1. 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર **(D)**

2. 'વિશ્વ લઘુમતી અધિકાર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર **(D)**

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'Surat Diamond Bourse' શું છે ?

(A) સુરતમાં લેબમાં હીરા ઉત્પન્ન કરવા માટેની નવનિર્મિત કંપની

(B) સુરતમાં બનેલ વિશ્વની સૌથી મોટી ઓફિસ બિલ્ડિંગ

(C) શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમેરિકાના રાષ્ટ્રપતિને આપવામાં આવેલ એક ભેટ

(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

4. તાજેતરમાં ગુજરાતના કયા એરપોર્ટને 'ઈન્ટરનેશનલ એરપોર્ટ'નો દરજ્જો મળ્યો છે ?

(A) વડોદરા એરપોર્ટ (B) અંકલેશ્વર એરપોર્ટ

(C) સુરત એરપોર્ટ (D) મુંદ્રા એરપોર્ટ **(C)**

5. તાજેતરમાં WHOએ સરકારોને ઈ–સિગારેટ પર પ્રતિબંધ મૂકવા વિનંતી કરી હતી. આ ઈ–સિગારેટ વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. ઈ–સિગારેટ એ બેટરીથી ચાલતુ સાધન છે જે તેમાં રહેલા પ્રવાહીને એરોસોલમાં પરિવર્તિત કરે છે.
2. ઈ–સિગારેટમાં Propylene glycon, Glycerin, Nicotin તથા સીસુ જેવી ધાતુઓ અને અન્ય હાનિકારક રસાયણો હોય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) 1 અને 2 બંને સાચા (D) 1 અને 2 બંને ખોટા **(C)**

6. તાજેતરમાં વર્ષ 2023 માટે શાંતિ, નિઃશસ્ત્રીકરણ અને વિકાસ માટે 'ઈન્દિરા ગાંધી શાંતિ પુરસ્કાર' કોને એનાયત કરવામાં આવ્યો છે ?

(A) ડેનિયલ બેરેનબોઈમ (B) અબુ અવવાદ

(C) (A) અને (B) બંનેને સંયુક્ત રીતે (D) એકપણ નહીં **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 19 ડિસેમ્બર, ગોવા મુક્તિ દિન




'ગોવા મુક્તિ દિવસ' દર વર્ષે 19 ડિસેમ્બરના રોજ ઉજવવામાં આવે છે.

- 19 ડિસેમ્બર, 1961ના રોજ ગોવા પોર્ટુગલ પાસેથી મુક્ત થયું હતું.
- 19 ડિસેમ્બર, 1961ના રોજ ભારતીય આર્મીએ 'ઓપરેશન વિજય' કોડ નેઈમથી એક સૈન્ય ઓપરેશન હાથ ધરીને ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરાવ્યા હતા.
- આથી, દર વર્ષે 19 ડિસેમ્બર 'ગોવા મુક્તિ દિન' તરીકે ઉજવાય છે.

## વારાણસીમાં વિશ્વનું સૌથી મોટું ધ્યાન કેન્દ્ર : સ્વર્વેદ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વારાણસીના ઉમરાહા વિસ્તારમાં સ્થિત ભવ્ય સાતમાળનું સ્વર્વેદ મહામંદિરનું ઉદ્ઘાટન કર્યુ હતું.

- આ સ્વર્વેદ મંદિરને વિશ્વના સૌથી મોટા યોગ અને ધ્યાન કેન્દ્ર તરીકે જોવામાં આવે છે.
- તેના પ્રેરણા સ્ત્રોત સંત સદાફલ મહારાજ છે. જેમના ભારતમાં તેમજ વિદેશમાં સેંકડો આશ્રમો છે.
- આ મંદિરના નિર્માણમાં અંદાજે 1000 કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.

### સ્વર્વેદ મહામંદિરની મુખ્ય વિશેષતાઓ

મંદિરમાં 125 પાંખડીવાળા કમળના ગુંબજ સાથે અદ્ભૂત ડિઝાઈન છે, જે તેને વૈશ્વિક સ્તરે સૌથી મોટા ધ્યાન કેન્દ્રોમાંના એક તરીકે સ્થાન આપે છે.

- વારાણસી શહેરના કેન્દ્રથી લગભગ 12 કિ.મી. દૂર ઉમરા અથવા ઉમરાહા વિસ્તારમાં આવેલું છે.
- સ્વર્વેદ મહામંદિર 3,00,000 ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં ફેલાયેલું છે.
- મહામંદિરનો પાયો 2004માં સદ્ગુરુ આચાર્ય સ્વતંત્ર દેવ અને સંત પ્રવર વિજ્ઞાન દેવ દ્વારા નાખવામાં આવ્યો હતો.
- મંદિરના નિર્માણમાં 600 કામદારો અને 15 એન્જિનિયરોના સહયોગી પ્રયાસો સામેલ હતા, જેમાં સમર્પણ અને ટીમ વર્કનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.



- આ મંદિરના પ્રાંગણમાં લગભગ 101 ફુવારાઓ છે તેમજ સાગના લાકડામાંથી બનેલા મંદિરની છત પર સુંદર કોતરણી છે, જે તેને વધુ મનોહર બનાવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- મહાયોગી અને આધ્યાત્મિક ગુરૂ શ્રી સદાફલ દેવજી મહારાજએ સ્વર્વેદ ગ્રંથની રચના કરી હતી. જેના આધારે આ મંદિરનું નામ સ્વર્વેદ રાખવામાં આવ્યું છે.



- સ્વર્વેદ મંદિર સાત માળ ધરાવે છે અને તે આશરે 180 ફૂટ ઊંચું છે.
- મંદિરમાં મકરાણા માર્બલનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના પર સ્વર્વેદ ગ્રંથના અંદાજે 4000 જેટલા શ્લોકો/દુહા લખાયેલા છે.
- મંદિરની બહારની દીવાલ પર ચિત્રો દ્વારા મહાભારત, રામાયણ, વેદ, ઉપનિષદ, ગીતા વગેરેના લગભગ 138 દશ્યો બનાવવામાં આવ્યા છે.
- આ મંદિરની દિવાલો ગુલાબી સેંડસ્ટોનથી બનેલી છે જે મંદિરની સુંદરતાને વધુ ભવ્ય બનાવે છે.
- અહીં જડીબુટ્ટીઓ અને દવાઓથી ભરેલો બગીચો પણ બનાવવામાં આવ્યો છે.

## LEADS રિપોર્ટ 2023

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે 'લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ (LEADS) 2023' રિપોર્ટની 5મી આવૃત્તિ બહાર પાડી છે.

- જે વ્યૂહાત્મક આંતરદષ્ટિ આપીને લોજિસ્ટિક્સ ક્ષેત્રના હિસ્સેદારો માટે માર્ગદર્શિકા તરીકે સેવા આપે છે.

### LEADS રિપોર્ટ શું છે ?

LEADS રિપોર્ટ એ સમગ્ર રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સેવાઓ અને માનવ સંસાધનોનું મૂલ્યાંકન કરવા માટે સ્વદેશી ડેટા–આધારિત ઈન્ડેક્સ છે.

- LEADSનો ધ્યેય લોજિસ્ટિક્સ ક્ષેત્રમાં હિસ્સેદારોને વ્યૂહાત્મક આંતરદષ્ટિ પ્રદાન કરીને અને રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે સ્વસ્થ સ્પર્ધાને પ્રોત્સાહન આપીને તેમના લોજિસ્ટિક પ્રદર્શનને સુધારવા માટે માર્ગદર્શન આપવાનો છે.
- વર્ષ 2018માં વર્લ્ડ બેંકના લોજિસ્ટિક્સ પર્ફોમન્સ ઈન્ડેક્સની તર્જ પર LEADSની કલ્પના કરવામાં આવી હતી અને સમય જતા તેનો વિકાસ થયો છે.
- આ રિપોર્ટ ત્રણ મુખ્ય સ્તંભોના આધારે લોજિસ્ટિક્સ કામગીરીનું મૂલ્યાંકન કરે છે :

(1) લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

(2) લોજિસ્ટિક્સ સેવાઓ

(3) સંચાલન અને નિયમનકારી પર્યાવરણ



- આ રિપોર્ટ મે અને જુલાઈ 2023 વચ્ચે હાથ ધરાયેલા અખિલ ભારતીય પ્રાથમિક સર્વેક્ષણ પર આધારિત છે.
- જેમાં 36 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં 7300થી વધુ પ્રતિસાદોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## LEADS રિપોર્ટ 2023ની મુખ્ય બાબતો

### અચિવર્સ

- આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, ચંદીગઢ અને ગુજરાત સહિત 13 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને લોજિસ્ટિક્સ ઈન્ડેક્સ ચાર્ટ 2023માં અચિવર્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
- આ પ્રદેશોએ કાર્યક્ષમ લોજિસ્ટિકલ સેવાઓ દર્શાવી છે જે નિકાસ પ્રોત્સાહન અને આર્થિક વૃદ્ધિમાં ફાળો આપે છે.

### ફાસ્ટ મૂવર્સ

- કેરળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડને લોજિસ્ટિક ઈન્ડેક્સમાં ફાસ્ટ મૂવર્સ તરીકે ઓળખવામાં આવ્યા છે.
- આ ક્ષેત્રોએ તેમની લોજિસ્ટિક સેવાઓમાં નોંધપાત્ર પ્રગતિ અને સુધારાઓ દર્શાવ્યા છે.

### મહત્વાકાંક્ષી (Aspirers)

- ગોવા, ઓડિશા, પશ્ચિમ બંગાળ, બિહાર, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ અને ઝારખંડ જેવા મહત્ત્વાકાંક્ષી વર્ગના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમની લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમમાં વૃદ્ધિની સંભાવના ધરાવતા પ્રદેશો તરીકે ઓળખવામાં આવ્યા છે.
- આ ક્ષેત્રો તેમની લોજિસ્ટિકલ ક્ષમતાઓને વધારવા માટે પ્રયત્નશીલ છે.

## LEADS 2023 Results

| Groups/ Categories | Achievers | Fast Movers | Aspirers |
|---|---|---|---|
| Coastal | Andhra Pradesh, Gujarat,Karnataka, Tamil Nadu | Kerala, Maharashtra | Goa, Odisha, West Bengal |
| Landlocked | Haryana, Punjab, Telangana, Uttar Pradesh | Madhya Pradesh, Rajasthan, Uttarakhand | Bihar, Chhattisgadh, Himachal Pradesh, Jharkhand |
| North-East | Assam, Sikkim, Tripura | Arunachal Pradesh, Nagaland | Manipur, Meghalaya, Mizoram |
| Union Territories | Chandigadh, Delhi | Andaman & Nicobar, Lakshadweep, Puducherry | Daman&Diu/Dadra& Nagar Haveli, Jammu& Kashmir, Ladakh |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વ્યાસ સન્માન 2023 સુશ્રી પુષ્પા ભારતીને એનાયત કરવામાં આવશે



તાજેતરમાં સુશ્રી પુષ્પા ભારતીની 'વ્યાસ સન્માન 2023' માટે પસંદગી કરવામાં આવી છે.

- પ્રસિદ્ધ હિન્દી –લેખિકા પુષ્પા ભારતીને 33મો વ્યાસ સન્માન એનાયત કરવામાં આવશે.
- સુશ્રી પુષ્પા ભારતીને તેમના 2016ના સ્મરણો 'યાદેં, યાદેં ઓર યાદેં' માટે વ્યાસ સન્માનથી સન્માનિત કરવામાં આવશે.
- આ પ્રતિષ્ઠિત પુરસ્કાર કે.કે.બિરલા ફાઉન્ડેશન દ્વારા હિન્દી સાહિત્યમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ આપવામાં આવે છે.
- કે.કે.બિરલા ફાઉન્ડેશન દ્વારા 1991માં આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.
- આ પુરસ્કારમાં રૂ. 4 લાખનું રોકડ પુરસ્કાર, પ્રશસ્તીપત્ર અને તકતીનો સમાવેશ થાય છે.



1. ભારતમાં દર વર્ષે 'ગોવા મુક્તિ દિન' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
(A) 18 ડિસેમ્બર (B) 19 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર
(B)

2. ગોવા, દમણ અને દીવને પોર્ટુગીઝો પાસેથી મુક્ત કરવા માટે ભારતીય સેના દ્વારા 1961માં કયું સૈન્ય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું ?
(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન પ્રહાર
(C) ઓપરેશન બુદ્ધા (D) ઓપરેશન રાજતિલક
(A)

3. ગોવા, દમણ અને દીવ પોર્ટુગીઝોના શાસનમાંથી ક્યારે મુક્ત થયા હતા ?
(A) 19 માર્ચ, 1961 (B) 19 એપ્રિલ, 1961
(C) 19 જૂન, 1961 (D) 19 ડિસેમ્બર, 1961
(D)

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વના સૌથી મોટા ધ્યાન કેન્દ્ર તરીકે ઓળખાતા 'સ્વર્વેદ મહામંદિર'નું ઉદ્ઘાટન કયા શહેરમાં કર્યું હતું ?
(A) નવી દિલ્હી (B) વારાણસી (C) ઉજ્જૈન (D) પુરી
(B)

5. તાજેતરમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે 'લોજિસ્ટિક્સ ઈઝ અક્રોસ ડિફરન્ટ સ્ટેટ (LEADS) 2023' રિપોર્ટ બહાર પાડ્યો હતો. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?
1. આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુ, ચંદીગઢ અને ગુજરાત સહિત 13 રાજ્યોને આ રિપોર્ટની 'Achievers' કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
2. કેરળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડ, અરૂણાચલ પ્રદેશ અને નાગાલેન્ડને આ ઈન્ડેક્સમાં 'Fast Movers' તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે.
3. વર્ષ 2023માં પ્રસિદ્ધ થયેલ આ રિપોર્ટ LEADS રિપોર્ટની નવમી આવૃત્તિ હતી.
યોગ્ય વિકલ્પ પસંદ કરો.
(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3
(C)

6. 'વ્યાસ સન્માન 2023' કોને એનાયત કરવામાં આવશે ?
(A) સુશ્રી નસીરા શર્મા (B) સુશ્રી પુષ્પા ભારતી
(C) સુશ્રી અવની વર્મા (D) સુશ્રી રેખા સિંહ
(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 20 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ (International Human Solidarity Day)




સમગ્ર વિશ્વમાં 20 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ આ દિવસની ઉજવણી માટે 22 ડિસેમ્બર, 2005ના રોજ ઠરાવ પસાર કર્યો હતો.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ ગરીબી નાબૂદ કરવાનો, રોગોથી મુક્ત કરવા અને વિવિધતામાં એકતાનું મહત્વ સમજાવવાનો છે.

## ભારત-ઓમાન દ્વિપક્ષીય બેઠક

તાજેતરમાં ઓમાનના સુલતાન હૈથમ બિન તારીક ભારતની મુલાકાતે આવ્યા હતા.

- ઓમાનના સુલતાન અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વચ્ચે નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે મંત્રાણાના સફળ રાઉન્ડ યોજાયા હતા.
- બંને દેશોએ જુદા–જુદા ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા તેમજ વેપારને વેગ આપવા અને નવું રોકાણ કરવા સંમતિ દર્શાવી હતી.
- ભારત અને ઓમાન દ્વારા 'ભારત–ઓમાન જોઈન્ટ વિઝન–પાર્ટનરશિપ ધ ફ્યુચર' (India-Oman Joint Vision-Partnership for the Future) અપનાવવામાં આવ્યું હતું.
- જેણે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સહકાર માટે મંચ સુયોજિત કર્યો હતો અને બંને દેશો વચ્ચે ભાવિ સહયોગ માટે માર્ગ મોકળો કર્યો હતો.
- આ વિઝન ખાસ કરીને દરિયાઈ સહયોગ અને કનેક્ટિવિટી, ઊર્જા સુરક્ષા, અવકાશ, ડિજિટલ પેમેન્ટ, આરોગ્ય, પ્રવાસન, આતિથ્ય, કૃષિ અને ખાદ્ય સુરક્ષા સહિતના 8 થી 10 ક્ષેત્રોમાં ભાગીદારી સ્થાપિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-ઓમાન દ્વિપક્ષીય બેઠકના મુખ્ય મુદ્દાઓ

### દ્વિપક્ષીય કરારો

બંને દેશોએ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, સંસ્કૃતિ, નાણાકીય ગુનાઓ સામે લડવા અને ઓમાનમાં ઈન્ડિયન કાઉન્સિલ ફોર કલ્ચરલ રિલેશન્સ (ICCR)ના હિન્દી અધ્યક્ષની સ્થાપનાના ક્ષેત્રોમાં સહયોગ માટે કરારો પર હસ્તાક્ષર કર્યા છે.

### વ્યાપક આર્થિક ભાગીદાર કરાર (CEPA)

વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (CEPA)ને અંતિમ સ્વરૂપ આપવા માટે બંને દેશો વચ્ચે વાતચીત ચાલી રહી છે.

- બંને પક્ષના નેતાઓએ આર્થિક સંબંધોને વેગ આપવા માટે આ સમજૂતી વહેલી તકે પૂર્ણ કરવા પર ભાર મૂક્યો હતો.

### ઓમાન-ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ ફંડ

બંને પક્ષોએ 300 મિલિયન અમેરિકન ડોલર ઓમાન–ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ ફંડના ત્રીજા તબક્કાની જાહેરાત કરી હતી.

- જેનો ઉપયોગ ભારતીય અર્થતંત્રના સૌથી ઝડપથી વિકસતા ક્ષેત્રોમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવશે.
- SBI અને ઓમાન ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી વચ્ચે સમાન ઈક્વિટી સંયુક્ત સહયોગ તરીકે આ ફંડની શરૂઆત કરવામાં આવી હતી.
- જેમાં પ્રથમ તબક્કામાં 100 મિલિયન યુએસ ડોલર અને ત્યારબાદ 200 મિલિયન યુએસ ડોલરની ફાળવણી કરવામાં આવી હતી.

### ડિજિટલ ચૂકવણી વેપાર

ઓમાની પ્લેટફોર્મ સાથે સહયોગમાં ભારતની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ, યુનિફાઈડ પેમેન્ટ સિસ્ટમ (UPI)નો ઉપયોગ કરવાની શક્યતા પર ચર્ચા કરવામાં આવી હતી.

- વધુમાં રૂપિયામાં ટ્રેડિંગની શક્યતાઓ પર પણ વિચાર કરવામાં આવ્યો હતો. જો કે તે હજુ ચર્ચાના તબક્કામાં છે.

### પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ

બંને દેશોના નેતાઓએ હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ સહિત પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાન–પ્રદાન કર્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત-ઓમાન સંબંધો

અરબ સાગરને પાર બંને દેશો ભૂગોળ, ઈતિહાસ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા છે, જે ઐતિહાસિક દરિયાઈ વેપાર સંબંધોને આભારી છે.

- ઓમાન સલ્તનત ગલ્ફમાં ભારતનું વ્યૂહાત્મક ભાગીદાર છે અને ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (GCC), આરબ લીગ અને ઈન્ડિયન રિમ એસોસિએશન (IORA) ફોરમમાં મહત્ત્વપૂર્ણ વાર્તાલાપકાર રહી ચૂક્યા છે.
- સંયુક્ત લશ્કરી સહકાર સમિતિ (JMCC) એ ભારત અને ઓમાન વચ્ચે સંરક્ષણ ક્ષેત્રે જોડાણ માટેનું સર્વોચ્ચ મંચ છે.
- અગાઉ વર્ષ 2018માં 9મી JMCC બેઠક યોજાઈ હતી, પરંતુ ત્યારબાદ એકપણ બેઠક યોજાઈ નથી.
- બંને દેશો વચ્ચેની લશ્કરી કવાયત નીચે મુજબ છે :

  (1) લશ્કરી કવાયત : અલ નજાહ

  (2) એરફોર્સ કવાયત : ઈસ્ટર્ન બ્રિજ

  (3) નૌકા કવાયત : નસીમ અલ બહાર
- જોઈન્ટ કમિશન મીટિંગ (JCM) અને જોઈન્ટ બિઝનેસ કાઉન્સિલ (JBC) જેવી સંસ્થાકીય પદ્ધતિઓ ભારત અને ઓમાન વચ્ચે આર્થિક સહયોગની દેખરેખ રાખે છે.
- વર્ષ 2022 માટે ઓમાનના ક્રૂડ ઓઈલની નિકાસ માટે ચીન પછી ભારત બીજુ સૌથી મોટું બજાર છે.
- UAE, US અને સાઉદી અરેબિયા પછી 2022 માટે ઓમાનની બિન–તેલ નિકાસ માટે ભારત ચોથુ સૌથી મોટું બજાર છે અને UAE પછી તેની આયાતનો બીજો સૌથી મોટો સ્ત્રોત છે.
- ભારતીય કંપનીઓએ ઓમાનમાં લોખંડ અને સ્ટીલ, સિમેન્ટ, ખાતર, કાપડ વગેરે ક્ષેત્રમાં રોકાણ કર્યુ છે.
- ઈન્ડિયા–ઓમાન જોઈન્ટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (OIJIF) એ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ઓમાનના સ્ટેટ જનરલ રિઝર્વ ફંડ (SGRF) વચ્ચેનું સંયુક્ત સાહસ છે, જે ભારતમાં રોકાણ માટે ખાસ હેતુનું વહન કરે છે.
- ઓમાનમાં લગભગ 6.2 લાખ ભારતીયો છે, જેમાંથી લગભગ 4.8 લાખ કામદારો અને વ્યાવસાયિકો છે.

## ભારત માટે ઓમાનનું વ્યૂહાત્મક મહત્ત્વ

ઓમાન સ્ટ્રેટ ઓફ હોર્મુઝના પ્રવેશદ્વાર પર છે જ્યાંથી ભારત તેની તેલની આયાતના પાંચમાં ભાગની આયાત કરે છે.

- મજબૂત ભારત–ઓમાન વ્યૂહાત્મક ભાગીદારી માટે સંરક્ષણ સહયોગ મુખ્ય આધારસ્તંભ તરીકે ઉભરી આવ્યો છે.

- ગલ્ફ ક્ષેત્રમાં ઓમાન એકમાત્ર એવો દેશ છે જેની સાથે ભારતીય સશસ્ત્રો દળોની ત્રણેય સેવાઓ નિયમિત દ્વિપક્ષીય કવાયત અને સ્ટાફ ડાયલોગ આયોજિત કરે છે. જેનાથી વ્યાવસાયિક સ્તરે ગાઢ સહકાર અને વિશ્વાસ સક્ષમ બને છે.
- ઓમાન ઈન્ડિયન ઓશન નેવલ સિમ્પોસિયન (IONS)માં પણ સક્રિયપણે ભાગ લે છે.
- હિંદ મહાસાગર ક્ષેત્રમાં તેના પદચિહ્નને વિસ્તારવા માટેના વ્યૂહાત્મક પગલામાં, ભારતે સૈન્ય ઉપયોગ અને લોજિસ્ટિક્સ સપોર્ટ માટે ઓમાનમાં ડુકમ અથવા ડ્યુકમ (DUQM)ના મુખ્ય બંદર સુધી પહોંચ મેળવી લીધી છે.
- આ વિસ્તાર ચીનના પ્રભાવ અને પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે ભારતની દરિયાઈ વ્યૂહરચનાનો એક ભાગ છે.
- DUQM પોર્ટ ઓમાનના દક્ષિણ–પૂર્વ કિનારે આવેલું છે, જે અરબી સમુદ્ર અને હિંદ મહાસાગરની સામે છે.
- તે વ્યૂહાત્મક રીતે ઈરાનના ચાબહાર પોર્ટની નજીક સ્થિત છે.

નોંધ: (1) ઓમાનની રાજધાની અને સૌથી મોટું શહેર મસ્કત છે.
(2) ઓમાનની ઉત્તરપશ્ચિમમાં સંયુક્ત આરબ અમીરાત (UAE), પશ્ચિમ અને દક્ષિણપશ્ચિમમાં સાઉદી અરેબિયા અને દક્ષિણપશ્ચિમમાં યમન આવેલું છે.
(3) ઓમાન અરબી દ્વીપકલ્પના દક્ષિણપૂર્વ કિનારે આવેલું છે, જે અરબી સમુદ્ર, ઓમાનનો અખાત અને પર્સિયન ગલ્ફથી ઘેરાયેલું છે.

## ઈજિપ્તના રાષ્ટ્રપતિ તરીકે શ્રી અબ્દેલ ફત્તાહ અલ-સીસી ત્રીજી વખત જીત્યા



શ્રી અબ્દેલ ફત્તાહ અલ–સીસી તાજેતરમાં ઈજિપ્તના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- તેઓ રાષ્ટ્રપતિ પદ પર ત્રીજી વખત ચૂંટાઈ આવ્યા છે.
- ઈજિપ્તમાં યોજાયેલી ચૂંટણીમાં અબ્દેલ ફતહ અલ–સીસીને 89.6 ટકા મત મળ્યા છે.
- ઈજિપ્તની નેશનલ ઈલેક્ટોરલ ઓથોરિટીએ 18 ડિસેમ્બરે આર્થિક પડકારો અને પ્રાદેશિક તણાવ વચ્ચે અબ્દેલ ફતાહ અલ સીસીને રાષ્ટ્રપતિ પદ પર ચાલુ રહેવાની જાહેરાત કરી હતી.
- ઈજિપ્તમાં 10 થી 12 ડિસેમ્બર દરમિયાન યોજાયેલી ચૂંટણીમાં 66.8% મતદાન થયું હતું, જે 2018ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં નોંધાયેલા 41% કરતા નોંધપાત્ર વધારો છે.

## વિજય હજારે ટ્રોફી 2023-24 : હરિયાણા ચેમ્પિયન

તાજેતરમાં 23 નવેમ્બરથી 16 ડિસેમ્બર, 2023 દરમિયાન 'વિજય હજારે ટ્રોફી 2023-24'નું આયોજન કરવામાં આવ્યું હતું.

- સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન સ્ટેડિયમ, રાજકોટ ખાતે વિજય હજારે ટ્રોફી 2023-24ની ફાઈનલ મેચ યોજાઈ હતી.
- જેમાં રાજસ્થાનને પરાજય આપીને હરિયાણાએ પ્રથમ વખત આ ટાઈટલ જીત્યું હતું.
- વિજય હજારે ટ્રોફી 2023-24માં 'પ્લેયર ઓફ ધ સિરીઝ' શ્રી સુમિત કુમાર બન્યા હતા.
- જ્યારે આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન ચંદીગઢના અરસલાન ખાનએ (508 રન) ફટકાર્યા હતા.

### વિજય હજારે ટ્રોફી

વિજય હજારે ટ્રોફી એ ભારતની ઘરેલુ વન ડે ક્રિકેટ ટુર્નામેન્ટ છે.

- ભારતની રણજી ટ્રોફીની ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લે છે.
- પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર શ્રી વિજય હજારેના નામ પરથી આ ટ્રોફીને નામ આપવામાં આવ્યું છે.
- વિજય હજારે ટ્રોફીમાં સૌથી સફળ ટીમ તમિલનાડુ છે તેમણે પાંચ વખત આ ટાઈટલ જીત્યું છે.



**1.** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય માનવ એકતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 18 ડિસેમ્બર (B) 19 ડિસેમ્બર (C) 20 ડિસેમ્બર (D) 21 ડિસેમ્બર — **(C)**

**2.** તાજેતરમાં ભારતની મુલાકાતે આવેલા સુલતાન હૈથમ બિન તારિક કયા દેશના સુલતાન છે ?

(A) કતાર (B) ઓમાન (C) યમન (D) ઈરાન — **(B)**

**3.** તાજેતરમાં શ્રી અબ્દેલ ફત્તાહ અલ–સીસી કયા દેશના રાષ્ટ્રપતિ તરીકે ત્રીજી વખત ચૂંટાયા છે ?

(A) ઈરાન (B) ઈરાક (C) ઈજિપ્ત (D) ઓમાન — **(C)**

**4.** તાજેતરમાં કઈ ટીમે 'વિજય હજારે ટ્રોફી 2023-24' જીતી છે ?

(A) હિમાચલ પ્રદેશ (B) વિદર્ભ (C) રાજસ્થાન (D) હરિયાણા — **(D)**

**5.** હરિયાણાએ કઈ ટીમને હરાવીને 'વિજય હજારે ટ્રોફી 2023-24' જીતી છે ?

(A) રાજસ્થાન (B) સૌરાષ્ટ્ર (C) મહારાષ્ટ્ર (D) ઝારખંડ — **(A)**

**6.** વિજય હજારે ટ્રોફી કઈ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ક્રિકેટ (B) ફૂટબોલ (C) ટેનિસ (D) ચેસ — **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS






## ચોથી પેઢીનો પરમાણુ પ્લાન્ટ : ચીન

ચાઈનીઝ સ્ટેટ મીડિયા અનુસાર ચીનના વિશ્વના પ્રથમ ચોથી પેઢીના પરમાણુ રિએક્ટરએ વ્યાવસાયિક કામગીરી શરૂ કરી છે.

- ચોથી પેઢીના પરમાણુ રિએક્ટરનું લોન્ચિંગ અદ્યતન પરમાણુ તકનીકોને અપનાવવામાં ચીનના નેતૃત્વને દર્શાવે છે.
- પરંપરાગત રિએક્ટરથી વિપરીત આ પ્લાન્ટ નાના મોડ્યુલર રિએક્ટર્સ (SMRs)નો ઉપયોગ કરે છે.
- જે દબાણયુક્ત પાણીને બદલે ગેસ દ્વારા ઠંડુ કરાયેલા ઉચ્ચ તાપમાન રિએક્ટર છે.
- SMRને વધુ કાર્યક્ષમ અને ખર્ચ–અસરકારક ગણવામાં આવે છે.
- અને ઔદ્યોગિક હેતુઓ માટે હીટિંગ, ડિસેલિનેશન અથવા સ્ટીમ જેવા કાર્યક્રમો માટે ઉપયોગમાં લઈ શકાય છે.

### SMRs શું છે ?

તે એકમ દીઠ 300 મેગાવોટ સુધીની ક્ષમતા સાથે અદ્યતન પરમાણુ રિએક્ટર છે.

- જે સરળતા, સલામતી અને ખર્ચ–અસરકારકતા જેવા ફાયદાઓ પ્રદાન કરે છે.
- SMRs ફેક્ટરી દ્વારા બનાવવામાં આવી શકે છે અને ઈન્સ્ટોલેશન માટે સાઈટ પરિવહન કરી શકાય છે.
- SMRs આર્થિક અને સમય–કાર્યક્ષમ હોય છે, અને પરંપરાગત રિએક્ટરથી વિપરીત કે જેને દર વર્ષે રિફ્યુઅલિંગની જરૂર હોય છે, SMRને દર 3-7 વર્ષે માત્ર રિફ્યુઅલિંગની જરૂર પડે છે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આકાશ સરફેસ-ટુ-એર મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ

એક અભૂતપૂર્વ વિકાસમાં ભારત તેની સ્વદેશી સ્કાય સરફેસ ટુ એર (SAM) શસ્ત્ર પ્રણાલી સાથે એક સાથે ચાર લક્ષ્યો પર હુમલો કરવાની ક્ષમતા દર્શાવનાર વૈશ્વિક સ્તરે પ્રથમ દેશ બન્યો છે.



- સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર 12 ડિસેમ્બરના રોજ સૂર્યલંકા એરફોર્સ સ્ટેશન ખાતે અસ્ત્રશક્તિ 2023ની કવાયત દરમિયાન સફળ પ્રદર્શન થયું હતું.
- પરીક્ષણ દરમિયાન ભારતીય વાયુસેનાએ એક જ આકાશ ફાયરિંગ યુનિટનો ઉપયોગ કરીને એકસાથે ચાર માનવરહિત આવતા લક્ષ્યોને અસરકારક રીતે જોડ્યા હતા.
- અને એક જ દિશામાંથી આવતા ચાર લક્ષ્યોને આકાશ મિસાઈલે હવા માંજ આંતરીને તોડી પાડ્યા હતા.




## આકાશ મિસાઈલ

આકાશ મિસાઈલ ભારતની પ્રથમ સ્વદેશી ઉત્પાદિત મધ્યમ રેન્જની સપાટીથી હવામાં (SAM) પ્રહાર કરતી મિસાઈલ છે. જે અનેક દિશાઓ, અનેક લક્ષ્યો પર પ્રહાર કરી શકે છે.

- આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુદ્ધ ટેન્ક અથવા ટ્રકથી લોન્ચ કરી શકાય છે.
- આ મિસાઈલ લગભગ 90% સુધી લક્ષ્યને ટાર્ગેટ અથવા નાશ કરવાની ક્ષમતા ધરાવે છે.
- આકાશ મિસાઈલ 25 કિ.મી. સુધીની રેન્જ ધરાવે છે.
- ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ માર્ગદર્શિત મિસાઈલ વિકાસ કાર્યક્રમ (IGMDP)ના ભાગરૂપે 1980ના અંતમાં DRDO દ્વારા આકાશ SAM (Surface-to-Air Missile)નો વિકાસ શરૂ કરવામાં આવ્યો હતો.
- આ મિસાઈલ રડાર સિસ્ટમ સમૂહ અથવા સવાયત્ત મોડમાં બહુવિધ દિશાઓથી લક્ષ્યોની વિશાળ શ્રેણીને હિટ કરવા સક્ષમ છે.
- તેમાં ઈલેક્ટ્રોનિક કાઉન્ટર–કાઉન્ટર મેઝર્સ (ECCM) જેવી સુવિધાઓ છે જેનો અર્થ એ છે કે તેમાં ઓન–બોર્ડ મિકેનિઝમ છે જે ડિટેકશન સિસ્ટમની અસર ઘટાડતી ઈલેક્ટ્રોનિક સિસ્ટમનો સામનો કરી શકે છે.
- આ મિસાઈલ સ્વદેશી રીતે વિકસિત 'રાજેન્દ્ર રડાર' દ્વારા સંચાલિત છે.
- આ મિસાઈલ અવાજની ઝડપ કરતા 2.5 ગણી ઝડપથી લક્ષ્યોને હિટ કરી શકે છે અને ઓછી, મધ્યમ અને ઊંચાઈએ લક્ષ્યોને શોધી નાશ કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ મિસાઈલ ફાઈટર જેટ, ક્રૂઝ મિસાઈલ્સ, એર–ટુ–સરફેસ મિસાઈલ તેમજ બેલેસ્ટિક મિસાઈલ જેવા હવાના લક્ષ્યોને તટસ્થ કરી શકે છે.

## ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ

ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (IGMDP)ની સ્થાપનાનો વિચાર પ્રખ્યાત વૈજ્ઞાનિક ડો. એ. પી. જે. અબ્દુલ કલામે આપ્યો હતો.

- તેનો ઉદ્દેશ મિસાઈલ ટેકનોલોજી ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાનો હતો.
- તેને વર્ષ 1983માં ભારત સરકાર દ્વારા મંજૂર કરવામાં આવ્યું હતું અને માર્ચ 2012માં પૂર્ણ થયું હતું.
- આ પ્રોગ્રામ હેઠળ વિકસિત 5 મિસાઈલો છે. જે નીચે કોષ્ટકમાં આપવામાં આવી છે :

| ક્રમ | મિસાઈલ | વિશેષતા |
|---|---|---|
| 1 | પૃથ્વી | સપાટીથી સપાટી પર પ્રહાર કરનાર ટૂંકા અંતરની બેલિસ્ટિક મિસાઈલ છે. |
| 2 | અગ્નિ | તે સપાટીથી સપાટી પર પ્રહાર કરવા સક્ષમ મધ્યમ રેન્જની બેલિસ્ટિક મિસાઈલ છે. (એટલે કે અગ્નિ 1, 2, 3, 4, 5) |
| 3 | ત્રિશુલ | સપાટીથી હવામાં પ્રહાર કરતી ટૂંકા અંતરની મિસાઈલ છે. |
| 4 | નાગ | તે ત્રીજી પેઢીની એન્ટિ ટેન્ક મિસાઈલ છે. |
| 5 | આકાશ | તે સપાટીથી આકાશમાં પ્રહાર કરનાર મધ્યમ રેન્જવાળી મિસાઈલ છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- IGMDP પ્રોગ્રામ હેઠળની મિસાઈલ એટલે કે ઉપરોક્ત કોષ્ટકમાં આપેલ મિસાઈલને યાદ રાખવાનું સુત્ર : P-A-T-N-A

## ચંદ્રયાન-3 મિશનને 'લીફ એરિક્સન લુનર પ્રાઈઝ' એનાયત

તાજેતરમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ને તેના ગ્રાઉન્ડ બ્રેકિંગ ચંદ્રયાન-3 મિશન માટે પ્રતિષ્ઠિત લુનર પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યું છે.




- આઈસલેન્ડના હુસાવિકમાં એક્સપ્લોરેશન મ્યુઝિયમ દ્વારા પ્રસ્તુત આ એવોર્ડ ચંદ્રમાં શોધ અને ખગોળશાસ્ત્રીય ઘટનાઓને સમજવામાં ISROના અસાધારણ યોગદાનને માન્યતા આપે છે.

- ISRO દ્વારા લોન્ચ કરવામાં આવેલ ચંદ્રયાન-3 મિશનએ 23 ઓગસ્ટ, 2023ના રોજ ચંદ્રના દક્ષિણધ્રુવ નજીક ઐતિહાસિક સોફ્ટ લેન્ડિંગ હાંસલ કર્યું હતું.
- આ નોંધપાત્ર સિદ્ધિ ભારતને આ ક્ષેત્રમાં સફળતાપૂર્વક ઉતરાણ કરનાર પ્રથમ દેશ તરીકે સ્થાપિત કરે છે, જે વૈશ્વિક સ્તરે અવકાશ સંશોધનમાં દેશની પ્રગતિને પ્રકાશિત કરે છે.

નોંધ : (1) પ્રસિદ્ધ નોર્સ સંશોધક લીફ એરિક્સનના નામ પરથી 'લીફ એરિક્સન લુનર પ્રાઈઝ' એ એક્સપ્લોરેશન મ્યુઝિયમ દ્વારા ચંદ્ર સંશોધનમાં અસાધારણ સિદ્ધિઓની ઉજવણી કરવા માટે એનાયત કરવામાં આવે છે.


(2) 2015માં તેની શરૂઆત થઈ ત્યારથી આ એવોર્ડએ એવી વ્યક્તિઓ અને સંસ્થાને માન્યતા આપી છે જેમણે સંશોધન અને અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

## National Sports Award 2023ની યાદી જાહેર




તાજેતરમાં યુવા બાબતો અને રમત મંત્રાલયે 'રાષ્ટ્રીય રમત પુરસ્કારો 2023'(National Sports Award 2023)ની જાહેરાત કરવામાં આવી હતી.

- 9 જાન્યુઆરી, 2024ના રોજ રાષ્ટ્રપતિ ભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ આ એવોર્ડ પ્રદાન કરશે.
- આ એવોર્ડમાં મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ, દ્રૌણાચાર્ય એવોર્ડ, અર્જુન એવોર્ડ, મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી વગેરેનો સમાવેશ થાય છે.
- જેમાં ભારતનું સૌથી મોટું ખેલ સન્માન 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ 2023' ભારતીય બેડમિન્ટન સ્ટાર જોડી શ્રી ચિરાગ શેટ્ટી અને શ્રી સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડીને પ્રદાન કરવામાં આવશે.
- ટીમના પ્રદર્શનને કારણે સમાન સિદ્ધિઓ ધરાવતા બંને ખેલાડીઓને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત રમતગમત અને રમતો 2023માં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે 'અર્જુન પુરસ્કાર' પ્રસિદ્ધ ભારતીય ક્રિકેટર શ્રી મોહમ્મદ શમી સહિત અન્ય રમતોના 26 ખેલાડીઓને પ્રદાન કરવામાં આવશે.
- પુરસ્કારો માટે અરજીઓ ઓનલાઈન મંગાવવામાં આવી હતી. તથા પુરસ્કારો માટે મોટી સંખ્યામાં નોમિનેશન્સ પ્રાપ્ત થયા હતા.
- જેને જસ્ટિસ (નિવૃત્ત) શ્રી એ.એમ. ખાનવિલકરની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતિ દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.



- આ સમિતિની ભલામણોના આધારે અને યોગ્ય ચકાસણી પછી આ પુરસ્કારો આપવાનું નક્કી કર્યુ હતું.
- ત્યારબાદ 'યુવા બાબતો અને રમત મંત્રાલય દ્વારા 'રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2023'ની જાહેરાત કરવામાં આવી હતી.

## મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ 2023

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી ચિરાગ ચંદ્રશેખર શેટ્ટી | બેડમિન્ટન |
| 2 | શ્રી રંકીરેડ્ડી સાત્વિક સાઈ રાજ | બેડમિન્ટન |

**નોંધ :** અગાઉ વર્ષ 2021માં સૌથી વધુ 12 ખેલાડીઓને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' એનાયત થયા હતા.

## અર્જુન એવોર્ડ 2023

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી ઓજસ પ્રવિણ દેવતલે | તીરંદાજી |
| 2 | સુશ્રી અદિતિ ગોપીચંદ સ્વામી | તીરંદાજી |
| 3 | શ્રી શ્રીશંકર એમ | એથ્લેટિક્સ |
| 4 | શ્રીમતી પારુલ ચૌધરી | એથ્લેટિક્સ |
| 5 | શ્રી મોહમ્મદ હુસામુદ્દીન | બોક્સિંગ |
| 6 | શ્રીમતી આર. વૈશાલી | ચેસ |
| 7 | શ્રી મોહમ્મદ શમી | ક્રિકેટ |
| 8 | શ્રી અનુષ અગ્રવાલા | અશ્વારોહણ |
| 9 | સુશ્રી દિવ્યકૃતિ સિંઘ | અશ્વારોહણ ડ્રેસેજ |
| 10 | સુશ્રી દીક્ષા ડાગર | ગોલ્ફ |
| 11 | શ્રી કૃષ્ણ બહાદુર પાઠક | હોકી |
| 12 | સુશ્રી પુખરમ્બમ સુશીલા ચાનુ | હોકી |
| 13 | શ્રી પવન કુમાર | કબડ્ડી |
| 14 | શ્રીમતી રિતુ નેગી | કબડ્ડી |
| 15 | શ્રીમતી નસરીન | ખો–ખો |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 16 | શ્રીમતી પિંકી | લોન બાઉલ્સ |
| 17 | શ્રી ઐશ્વરી પ્રતાપ સિંહ તોમર | શૂટિંગ |
| 18 | સુશ્રી એશા સિંઘ | શૂટિંગ |
| 19 | શ્રી હરિન્દર પાલ સિંઘ સંધુ | સ્કવોશ |
| 20 | સુશ્રી આહિકા મુખર્જી | ટેબલ ટેનિસ |
| 21 | શ્રી સુનિલ કુમાર | કુસ્તી |
| 22 | શ્રીમતી એન્તિમ | કુસ્તી |
| 23 | શ્રીમતી નાઆરેમ રોશિબિના દેવી | વુશુ |
| 24 | શ્રીમતી શીતલ દેવી | પેરા તિરંદાજી |
| 25 | શ્રી ઈલુરી અજય કુમાર રેડ્ડી | બ્લાઈન્ડ ક્રિકેટ |
| 26 | શ્રીમતી પ્રાચી યાદવ | પેરા કેનોઈંગ |

## દ્રોણાચાર્ય એવોર્ડ 2023-રેગ્યુલર કેટેગરી

| ક્રમ | કોચનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી લલિત કુમાર | કુસ્તી |
| 2 | શ્રી આર.બી.રમેશ | ચેસ |
| 3 | શ્રી મહાવીર પ્રસાદ સૈની | પેરા એથ્લેટિક્સ |
| 4 | શ્રી શિવેન્દ્ર સિંહ | હોકી |
| 5 | શ્રી ગણેશ પ્રભાકર દેવરુખકર | મલ્લખામ્બ |

## દ્રોણાચાર્ય એવોર્ડ 2023-લાઈફટાઈમ કેટેગરી

| ક્રમ | કોચનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રી જસકીરત સિંહ ગ્રેવાલ | ગોલ્ફ |
| 2 | શ્રી ભાસ્કરન ઈ | કબડ્ડી |
| 3 | શ્રી જયંતકુમાર પુશીલાલ | ટેબલ ટેનિસ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રમતગમત અને રમતો (Sports and Games) 2023માં આજીવન સિદ્ધિ માટે ધ્યાનચંદ પુરસ્કાર

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1 | શ્રીમતી મંજુષા કંવર | બેડમિન્ટન |
| 2 | શ્રી વિનીત કુમાર શર્મા | હોકી |
| 3 | શ્રીમતી કવિતા સેલ્વરાજ | કબડ્ડી |

## મૌલાના અબુલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી

| ક્રમ | યુનિવર્સિટી | વિજેતા/સ્થિતિ |
|---|---|---|
| 1 | ગુરુ નાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર | એકંદરે વિજેતા યુનિવર્સિટી |
| 2 | લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી, પંજાબ | પ્રથમ રનર અપ યુનિવર્સિટી |
| 3 | કુરુક્ષેત્ર યુનિવર્સિટી, કુરુક્ષેત્ર | બીજી રનર અપ યુનિવર્સિટી |

**નોંધ :** આંતર–યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર યુનિવર્સિટીને મૌલાના અબુલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી આપવામાં આવે છે.

ICE FOR COMPETITIVE EXAMS



## કયો પુરસ્કાર શા માટે એનાયત થાય છે ?

| ક્રમ | પુરસ્કારનું નામ | શા માટે / કોને એનાયત થાય છે ? |
|---|---|---|
| 1. | મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ | ચાર વર્ષના સમયગાળા દરમિયાન કોઈ એક ખેલાડી દ્વારા રમતના ક્ષેત્રમાં શ્રેષ્ઠ અને સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ એવોર્ડ એનાયત થાય છે. |
| 2. | અર્જુન એવોર્ડ | સતત ચાર વર્ષના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ એવોર્ડ આપવામાં આવે છે. |
| 3. | દ્રોણાચાર્ય એવોર્ડ | પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય રમત ગમત કાર્યક્રમોમાં એવોર્ડ વિજેતા ખેલાડી તૈયાર કરવા માટે કોચને આ એવોર્ડ એનાયત થાય છે. |
| 4. | ધ્યાનચંદ એવોર્ડ | રમતના વિકાસમાં આજીવન યોગદાન માટે આ એવોર્ડ એનાયત થાય છે. |
| 5. | રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન | રમત ગમતના વિકાસ અને તેને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવનાર જાહેર તથા ખાનગી કોર્પોરેટ સંસ્થાઓ અને વ્યક્તિઓને આ એવોર્ડ એનાયત થાય છે. |
| 6. | મૌલાના અબુલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી | ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં ઓવરઓલ ટોચનું પ્રદર્શન કરનાર યુનિવર્સિટીને આ એવોર્ડ એનાયત થાય છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ

મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ એ રમતગમત ક્ષેત્રોનો ભારતનો સર્વોચ્ચ એવોર્ડ છે.

- આ એવોર્ડનો પ્રારંભ 1991-92 થી થયો હતો.
- અગાઉ આ એવોર્ડ 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' તરીકે ઓળખાતો હતો પરંતુ ઓગસ્ટ 2021માં તેનું નામ બદલીને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' કરવામાં આવ્યું હતું.

- ભારતના પ્રસિધ્ધ ચેસ ખેલાડી શ્રી વિશ્વનાથન આનંદને સૌપ્રથમ 1991-92માં આ એવોર્ડ એનાયત થયો હતો.
- આ એવોર્ડ વિજેતા ખેલાડીને એક મેડલ, પ્રશંસાપત્ર અને રૂ. 25 લાખ રોકડ પુરસ્કાર રકમ આપવામાં આવે છે.

## અર્જુન એવોર્ડ

ભારતમાં કેન્દ્ર સરકારના રમતગમત અને યુવા બાબતો અંગેના મંત્રાલય દ્વારા આ એવોર્ડ એનાયત થાય છે.

- આ એવોર્ડનો પ્રારંભ 1961 થી થયો હતો.
- આ એવોર્ડમાં વિજેતા ખેલાડીઓને અર્જુનની કાંસાની પ્રતિમા, પ્રશંસાપત્ર અને રૂ. 15 લાખ રોકડ પુરસ્કાર ઈનામ તરીકે આપવામાં આવે છે.



1. તાજેતરમાં કયા દેશે ચોથી પેઢીનો પરમાણુ પાવર પ્લાન્ટ કાર્યરત કર્યો હતો ?

(A) જાપાન (B) ચીન (C) રશિયા (D) ભારત **(B)**

2. તાજેતરમાં સમાચારમાં રહેલ 'આકાશ મિસાઈલ' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આકાશ મિસાઈલ ભારતની પ્રથમ સ્વદેશી ઉત્પાદિત મધ્યમ રેન્જની સપાટીથી હવામાં (Surface-to-Air missile-SAM) પ્રહાર કરતી મિસાઈલ છે.
2. આ મિસાઈલને મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા યુદ્ધ ટેન્ક અથવા ટ્રક પરથી લોન્ચ કરી શકાય છે.
3. આ મિસાઈલ સ્વદેશી રીતે વિકસિત રાજેન્દ્ર રડારથી સંચાલિત છે.
4. આ મિસાઈલ બહુવિધ દિશાઓમાંથી લક્ષ્યોની વિશાળ શ્રેણીને હિટ કરવા સક્ષમ છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3

(C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 **(D)**

3. તાજેતરમાં ISROના કયા મિશનને 'લીફ એરિક્સન લુનર પ્રાઈઝ' એનાયત થયું હતું ?

(A) ચંદ્રયાન-3 (B) ચંદ્રયાન-1 (C) આદિત્ય-L1 (D) એકપણ નહીં **(A)**

4. વર્ષ 2023માં કુલ કેટલા ખેલાડીઓને 'મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) 1 (B) 2 (C) 5 (D) 7 **(B)**

5. વર્ષ 2023માં ભારતના કયા ખેલાડીને 'મેજર ધ્યાનચંદ ખેલરત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી સુહાશ યથિરાજ અને શ્રી મનદીપસિંહ

(B) શ્રી વિરાટ કોહલી અને શ્રી રોહિત શર્મા

(C) શ્રી મોહમ્મદ શમી અને શ્રી અનુષ અગ્રવાલા

(D) શ્રી ચિરાગ શેટ્ટી અને શ્રી સાત્વિક સાઈરાજ રંકીરેડ્ડી **(D)**

6. વર્ષ 2023માં ભારતમાં કુલ કેટલા ખેલાડીઓને 'અર્જુન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) 12 (B) 16 (C) 26 (D) 32 **(C)**

7. વર્ષ 2023માં ભારતમાં કુલ કેટલા કોચને 'દ્રોણાચાર્ય એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) 5 લાઈફટાઈમ + 3 રેગ્યુલર = કુલ 8 (B) 5 લાઈફટાઈમ + 5 રેગ્યુલર = કુલ 10

(C) 5 લાઈફટાઈમ + 8 રેગ્યુલર = કુલ 13 (D) 8 લાઈફટાઈમ + 6 રેગ્યુલર = કુલ 14 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 22 ડિસેમ્બર, રાષ્ટ્રીય ગણિત દિવસ (National Mathamatics Day)



ભારતમાં દર વર્ષે 22 ડિસેમ્બર 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.

- ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રી એસ. રામાનુજનની યાદમાં તેમનો જન્મદિન ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.
- શ્રી શ્રીનિવાસ રામાનુજનનો જન્મ 22 ડિસેમ્બર, 1887ના રોજ તમિલનાડુના ઈરોડ ખાતે થયો હતો.
- શ્રી એસ. રામાનુજનની 125મી જન્મજયંતિ નિમિત્તે વર્ષ 2012માં ભારતના તત્કાલીન વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહે આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત વર્ષ 2012થી ભારતમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

નોંધ : (1) આ ઉપરાંત ડૉ. મનમોહન સિંહે કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2012ને ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત વર્ષ' તરીકે પણ ઉજવણી કરવામાં આવી હતી.

(2) 1729 એ હાર્ડી રામાનુજન નંબર છે. જ્યારે હાર્ડીએ હોસ્પિટલમાં શ્રી રામાનુજનની મુલાકાત લીધી ત્યારે શ્રી રામાનુજને હાર્ડીને કહ્યું કે 1729 એ સૌથી નાની સંખ્યા છે. જેને બે અલગ અલગ રીતે બે ક્યુબ તરીકે વ્યક્ત કરી શકાય છે.

## ભારત અને ADBએ દિલ્હી-મેરઠ RRTS કોરિડોર માટે 250 મિલિયન ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા

ભારત સરકાર અને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB)એ 15 ડિસેમ્બર, 2023ના રોજ 37 બિલિયન જાપાની યેન (250 મિલિયન ડોલર) લોન માટે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.




- જે 82 કિલોમીટર દિલ્હી–મેરઠ પ્રાદેશિક રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) કોરિડોરના બાંધકામ માટે ધિરાણ ચાલુ રાખશે.
- આ લોન RRTS પ્રોજેક્ટ માટે 2020માં ADB દ્વારા મંજૂર કરાયેલ વ્યાપક 1,049 મિલિયન ડોલર મલ્ટિ–ટ્રાન્સ ફાઈનાન્સિંગ ફેસિલિટી (MFF)નો એક ભાગ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAM

- આ નાણાકીય સહાય શહેરી ગતિશીલતા વધારવા અને કાર્યક્ષમ પરિવહન વિનિમય માટે મલ્ટિ–મોડલ હબ બનાવવા માટે ADBની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

## પ્રોજેક્ટના લાભો

NCR પ્રાદેશિક યોજના 2021 હેઠળ RRTS એ પ્રાથમિકતાનો રેલ કોરિડોર છે, જેનો ઉદ્દેશ્ય દિલ્હીને આસપાસના રાજ્યોના શહેરો સાથે જોડવાનો છે.

- આ પ્રોજેક્ટ શહેરી ગતિશીલતામાં નોંધપાત્ર સુધારો કરશે, જેની આર્થિક અસર મહિલાઓ અને વિકલાંગ વ્યક્તિઓને લાભ કરશે.
- RRTSની રચના ઝડપી, સલામત અને ઉચ્ચ–ક્ષમતાવાળી પેસેન્જર પરિવહન સેવાઓ પૂરી પાડવા માટે કરવામાં આવી છે, જે મુસાફરીનો સમય 3-4 કલાકથી ઘટાડીને લગભગ 1 કલાક કરે છે.
- તે ઓછી કાર્બન અને કાર્યક્ષમ રેલવે સિસ્ટમ છે, જે $CO_2$ ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં ફાળો આપે છે.
- ટકાઉ અને પર્યાવરણને અનુકૂળ પરિવહન માટેની પ્રતિબદ્ધતા દર્શાવતી વખતે આ પ્રોજેક્ટ આબોહવા પરિવર્તન ઘટાડવાના પ્રયાસોને અનુરૂપ છે.
- 82 કિ.મી. લાંબો કોરિડોર રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રના વસતીવાળા ભાગોમાંથી પસાર થશે, જેનાથી આર્થિક અને રોજગારીની તકો વધશે.
- RRTS પ્રોજેક્ટ એક ગેમ–ચેન્જર તરીકે સેટ છે, જે મુસાફરો માટે પરિવર્તનકારી ઉકેલો પ્રદાન કરે છે અને પ્રાદેશિક વિકાસમાં યોગદાન આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) આ લોન કરારથી ભારત સરકારના રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામ (NICDP) માટે નીતિ માળખાને મજબૂત બનાવવામાં અને 11 ઔદ્યોગિક કોરિડોર વિકસાવવામાં મદદ મળશે.

(2) NICDP એ ભારતનો સૌથી મહત્ત્વાકાંક્ષી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોગ્રામ છે જેનો ઉદ્દેશ્ય નવા ઔદ્યોગિક શહેરોને ‘સ્માર્ટ સિટી’ તરીકે વિકસાવવાનો અને નેક્સ્ટ જનરેશનની ટેક્નોલોજીઓને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોમાં રૂપાંતરિત કરવાનો છે.

(3) નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર ડેવલપમેન્ટ એન્ડ ઈમ્પ્લીમેન્ટેશન ટ્રસ્ટ (NICDIT) એ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT), વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ અમલીકરણ એજન્સી છે.

## વિશ્વનો સૌથી જૂનો કિલ્લો મળી આવ્યો



પુરાતત્ત્વવિદોની આંતરરાષ્ટ્રીય ટીમે સાઈબિરીયાના દૂરના વિસ્તારમાં વિશ્વનો સૌથી જૂનો જાણિતો કિલ્લો શોધી કાઢ્યો છે.

- આ અભૂતપૂર્વ શોધ પ્રારંભિક માનવ સમાજો વિશેની પરંપરાગત માન્યતાને પડકારે છે.
- જે દર્શાવે છે કે શિકારી–સંગ્રહ કરનારાઓ વચ્ચે જટિલ સંરક્ષણ માળખું લાંબા સમય પહેલા અસ્તિત્વમાં હતું.
- સ્થળ પર એકત્રિત કરાયેલા નમૂનાઓની રેડિયોકાર્બન ડેટિંગ સૂચવે છે કે કિલ્લો લગભગ 8000 વર્ષ પહેલા બાંધવામાં આવ્યો હતો, જે તેને વિશ્વનો સૌથી જૂનો કિલ્લો બનાવે છે.
- સંશોધકોએ જણાવ્યું કે અમાન્યા નદીને નજરે જોતું વ્યૂહાત્મક સ્થાન અમાન્ય કિલ્લાને સંભવિત જોખમો માટે એક આદર્શ અવલોકન બિંદુ બનાવે છે.

## કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ

તાજેતરમાં ગુજરાતના કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન (KAPS)ના ચોથા યુનિટે તેના પ્રથમ મહત્ત્વપૂર્ણ વિનિયમિત વિખંડન પ્રતિક્રિયા (ક્રિટિકલિટ રેગ્યુલેટેડ ફિશન રિએકશન)ની શરૂઆત કરી છે.



- એટલે કે આ પ્લાન્ટ વીજળી ઉત્પન્ન કરવા માટે તૈયાર થઈ ગયો છે.
- તેનાથી વાણિજ્યિક ઉપયોગ માટે વીજળી ઉત્પન્ન કરવા માટે તેના અંતિમ પરિવર્તનનો માર્ગ મોકળો થયો છે.
- ક્રિટિકલિટી (Criticality) એ વીજ ઉત્પાદન તરફનું મહત્ત્વપૂર્ણ પગલું છે.
- ન્યુક્લિયર રિએક્ટરને ક્રિટિકલ ત્યારે કહેવામાં આવે છે, જ્યારે રિએક્ટરની અંદર પરમાણુ બળતણ વિભાજન સાંકળ પ્રતિક્રિયાને ટકાવી રાખે છે.

### આ પાવર પ્લાન્ટ ક્યાં આવેલો છે ?

ગુજરાતના તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ઊંચામાળા ગામે આ પાવર પ્લાન્ટ આવેલો છે.

- ઊંચામાળા ગામ અણુમાળા તરીકે પણ ઓળખાય છે.
- અહીં અણુમથકના બાંધકામ બાદ આ ગામને અણુમાળા તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ (Kakrapar Atomic Power Station)

કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટમાં પ્રથમ તબક્કામાં 220-220 મેગાવોટના બે રિએક્ટર અથવા યુનિટનું નિર્માણ કરવામાં આવ્યું હતું.



- આ બંને રિએક્ટરનું નિર્માણ કેનેડાની ટેક્નોલોજીથી થયું છે.
- આથી તેને CANDU Reactor તરીકે ઓળખવામાં આવે છે.
- જ્યારે બીજા તબક્કામાં કાકરાપાર-3 અને કાકરાપાર-4ને ભારતની સ્વદેશી ટેક્નોલોજીથી વિકસાવવામાં આવ્યા છે.
- કાકરાપાર-3 અને કાકરાપાર-4 એ બંને 700-700 મેગાવોટની ક્ષમતા ધરાવતા રિએક્ટર છે.

### કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ

| ક્રમ | યુનિટ | રિએક્ટરનો પ્રકાર | વીજ ક્ષમતા મેગાવોટમાં | બાંધકામનો પ્રારંભ | વીજ ઉત્પાદનનો પ્રારંભ |
|---|---|---|---|---|---|
| 1. | કાકરાપાર-1 | PHWR | 220 | 1 ડિસેમ્બર, 1984 | 6 મે, 1993 |
| 2. | કાકરાપાર-2 | PHWR | 220 | 1 એપ્રિલ, 1985 | 1 સપ્ટેમ્બર, 1995 |
| 3. | કાકરાપાર-3 | IPHWR-700 | 700 | 22 નવેમ્બર, 2010 | 30 જૂન, 2023 |
| 4. | કાકરાપાર-4 | IPHWR-700 | 700 | 22 નવેમ્બર, 2010 | 18 ડિસેમ્બર, 2023 |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ : (1) PHWRનું પૂરું નામ Pressurized Heavy Water Reactor છે.

(2) IPHWR-700નું પૂરું નામ Indian Pressurized Heavy-Water Reactor-700 છે.

(3) કોઈ પરમાણુ રિએક્ટર વીજળી ઉત્પન્ન કરવા માટે તૈયાર થઈ જાય તો તેના માટે પરમાણુ વિજ્ઞાનની ભાષામાં 'ક્રિટિકાલિટી' (Criticality) મેળવી લીધી' એવા શબ્દ પ્રયોગોનો ઉપયોગ થાય છે.

1. ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 21 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 24 ડિસેમ્બર **(B)**

2. ભારતમાં કોનો જન્મ દિન 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી વરાહમિહિર (B) શ્રી એસ. રમણ મહર્ષિ

(C) શ્રી આર્યભટ્ટ (D) શ્રી એસ. રામાનુજન **(D)**

3. તાજેતરમાં ભારત અને _____ એ દિલ્હી–મેરઠ RRTS કોરિડોર માટે 250 મિલિયન ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

(A) World Bank (B) ADB

(C) JRB (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં પુરાતત્ત્વવિદોની આંતરરાષ્ટ્રીય ટીમે કયા દેશમાં વિશ્વનો સૌથી જૂનો કિલ્લો શોધી કાઢ્યો છે ?

(A) જાપાન (B) અફઘાનિસ્તાન (C) ઈરાન (D) સાઈબિરીયા **(D)**

5. તાજેતરમાં કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટનો ચોથો યુનિટ વીજળી ઉત્પન્ન કરવા માટે તૈયાર થઈ ગયો છે. આ પાવર પ્લાન્ટ ગુજરાતના કયા જિલ્લામાં આવેલો છે ?

(A) ડાંગ (B) વલસાડ (C) નર્મદા (D) તાપી **(D)**

6. કાકરાપાર પરમાણુ પાવર પ્લાન્ટ ગુજરાતના તાપી જિલ્લાના કયા તાલુકામાં આવેલો છે ?

(A) સોનગઢ (B) નિઝર (C) વ્યારા (D) ડોલવણ **(C)**

## દિવસ મહિમા : 23 ડિસેમ્બર, કિસાન દિવસ


ભારતમાં દર વર્ષે 23 ડિસેમ્બર 'રાષ્ટ્રીય કિસાન' દિન તરીકે ઉજવાય છે.

### ભારતમાં 23 ડિસેમ્બરના રોજ શા માટે કિસાન દિન ઉજવાય છે ?

ભારતમાં શ્રી ચૌધરી ચરણ સિંહની યાદમાં 'રાષ્ટ્રીય કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- શ્રી ચૌધરી ચરણ સિંહ 'કિસાનોના મસિહા' તરીકે પ્રસિદ્ધ છે.
- આથી, ખેડૂતોના કલ્યાણ માટે તેમણે કરેલા કાર્યોને બિરદાવવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ચૌધરી ચરણ સિંહનો જન્મ 23 ડિસેમ્બર, 1902ના રોજ ઉત્તરપ્રદેશના નૂરપુર ખાતે થયો હતો.
- આથી તેમનો જન્મદિન 23 ડિસેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય કિસાન દિન' તરીકે ઉજવાય છે.

### શ્રી ચૌધરી ચરણ સિંહ



શ્રી ચૌધરી ચરણ સિંહ 28 જુલાઈ 1979થી 14 જાન્યુઆરી, 1980 દરમિયાન જનતા પાર્ટી સરકારમાં ભારતના પાંચમા વડાપ્રધાન હતા.

- 24 માર્ચ 1977થી 28 જુલાઈ 1979 દરમિયાન શ્રી મોરારજીભાઈ દેસાઈની જનતા પાર્ટી સરકારમાં તેઓ શ્રી જગજીવન રામ સાથે ભારતના ત્રીજા નાયબ વડાપ્રધાન હતા.
- તેમણે શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકારમાં ભારતના નાણાંમંત્રી તેમજ ગૃહ મંત્રી તરીકે પણ સેવા આપી છે.
- આ ઉપરાંત ઉત્તરપ્રદેશના પાંચમા મુખ્યમંત્રી તરીકે પણ તેમણે સેવા આપી હતી.

### શ્રી ચૌધરી ચરણ સિંહ દ્વારા થયેલા કિસાન હિતના કાર્યો

શ્રી ચૌધરી ચરણ સિંહના કારણે જ 1 જુલાઈ 1952ના રોજ ઉત્તરપ્રદેશમાં જમીનદારી પ્રથાનો અંત થયો હતો.

- કિસાનોના હિતમાં તેમણે 1954માં ઉત્તરપ્રદેશમાં 'જમીન સંરક્ષણ કાયદો' પસાર કરાવ્યો હતો.
- ભારતના નાણાંમંત્રી અને નાયબ વડાપ્રધાનની રૂએ ભારતમાં 'રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક' 'NABARD'ની સ્થાપનામાં પણ તેમની અગત્યની ભૂમિકા હતી.
- કિસાનોના કલ્યાણ માટે પોતાના વિચારો રજૂ કરતા અનેક પુસ્તકોનું પણ તેમણે સર્જન કર્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી ચૌધરી ચરણ સિંહના પ્રસિદ્ધ પુસ્તકો

શ્રી ચૌધરી ચરણ સિંહના કેટલાક પ્રસિદ્ધ પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો સમાવેશ થાય છે :

(1) ઈન્ડિયાઝ ઈકોનોમિક પોલિસી–ધ ગાંધીયન બ્લુપ્રિન્ટ (1978)

(2) ઈકોનોમિક નાઈટમેર ઓફ ઈન્ડિયા : ઈટ્સ કોઝ એન્ડ કયોર (1981)

(3) જોઈન્ટ ફાર્મિંગ એકસ રે

(4) કો–ઓપરેટિવ ફાર્મિંગ એકસ રે

(5) અબોલિશન ઓફ જમીનદારી

(6) પીઝન્ટ પ્રોપરાઈટરશિપ ઓર લેન્ડ ટુ ધ વર્કર્સ

**નોંધ :** (1) દિલ્હી ખાતે આવેલું શ્રી ચૌધરી ચરણ સિંહનું સમાધિ સ્થળ 'કિસાન ઘાટ' તરીકે ઓળખાય છે.

(2) ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે આવેલું ઈન્ટરનેશનલ એરપોર્ટ ચૌધરી ચરણ સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ તરીકે ઓળખાય છે.

## NABARD

NABARDનું પૂરું નામ 'National Bank for Agriculture and Rural Development' છે.

- નાબાર્ડની સ્થાપના 12 જુલાઈ, 1982ના રોજ થઈ હતી. નાબાર્ડનું વડું મથક મુંબઈ ખાતે આવેલું છે.
- નાબાર્ડ એ ભારતની સર્વોચ્ચ Development Financial Institution છે.
- ભારતના ગ્રામીણ વિસ્તારોમાં કૃષિ તથા અન્ય આર્થિક ગતિવિધિઓ માટે ઋણ ઉપલબ્ધ કરાવવા નીતિઓ ઘડવી તથા એ અંગે યોજનાઓ બનાવવી અને તેનું સંચાલન કરવું એ નાબાર્ડનું મુખ્ય કાર્ય છે.
- નાબાર્ડ એ Developmental Financial Institution (DFI)નું Status ધરાવતી ભારતની એકમાત્ર સંસ્થા છે.
- શ્રી બી. સિવરામન સમિતિની ભલામણને આધારે ભારતમાં નાબાર્ડની સ્થાપના થઈ હતી.
- ભારતમાં 'નેશનલ બેંક ફોર એગ્રિકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ એક્ટ 1981' લાગુ કરવા માટે સંસદના એક અધિનિયમ દ્વારા નાબાર્ડની સ્થાપના થઈ હતી. આથી, નાબાર્ડ એ ગેરસંવૈધાનિક – વૈધાનિક સંસ્થા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સંવૈધાનિક, ગેરસંવૈધાનિક-કારોબારી અને ગેરસંવૈધાનિક-વૈધાનિક સંસ્થા વચ્ચેનો તફાવત

| ક્રમ | સંસ્થા | સમજૂતી |
|---|---|---|
| 1 | સંવૈધાનિક | બંધારણના કોઈ અનુચ્છેદ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 2 | ગેરસંવૈધાનિક–વૈધાનિક | સંસદના કોઈ અધિનિયમ દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા |
| 3 | ગેરસંવૈધાનિક–કારોબારી | કેન્દ્ર સરકાર દ્વારા જેની સ્થાપના થઈ હોય એવી સંસ્થા કે જેના માટે કોઈ કાયદાની જરૂર નથી. |

## બિહારનો પુનૌરા ધામ પ્રોજેક્ટ

બિહાર રાજ્ય સરકાર દ્વારા સીતામઢી જિલ્લામાં સ્થિત એક મંદિર સંકુલ પુનૌરા ધામને મુખ્ય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે તાજેતરમાં એક પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.



- પુનૌરા ધામને સીતા માતાનું જન્મ સ્થળ માનવામાં આવે છે.
- આ પહેલનો હેતુ મિથિલાની સંસ્કૃતિ અને વારસાને પ્રોત્સાહન આપવાનો છે, આ એ ક્ષેત્ર છે જ્યાં સીતા માતાનો જન્મ અને ઉછેર થયો હતો.
- મિથિલાનો સમૃદ્ધ અને પ્રાચીન ઈતિહાસ છે, તેને તિરહુત અથવા તિરભક્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે.
- મિથિલાની મુખ્ય ભાષા મૈથિલી છે, જે ઈન્ડો–આર્યન પરિવારની છે.

નોંધ : (1) મિથિલા પેન્ટિંગ તેની અનન્ય શૈલી માટે પ્રખ્યાત છે, જેને મધુબની અથવા મિથિલા પેઈન્ટિંગ તરીકે ઓળખાય છે.

(2) વર્ષ 2022માં મિથિલા મખનાને GI ટેગ આપવામાં આવ્યો હતો.

## પોસ્ટ ઓફિસ બિલ, 2023 (Post Office Bill, 2023)

તાજેતરમાં રજૂ કરાયેલ પોસ્ટ ઓફિસ બિલ, 2023નો હેતુ ભારતીય પોસ્ટ ઓફિસ એક્ટ, 1898ને રદ કરવાનો છે, જે 125 વર્ષથી અસ્તિત્વમાં છે.

- આ કાયદો ઈન્ડિયા પોસ્ટનું નિયમન કરે છે, જે કેન્દ્ર સરકારનો એક વિભાગીય ઉપક્રમ છે.

### બિલના મુખ્ય મુદ્દાઓ

### ટપાલ અધિકારીઓ કોઈપણ વસ્તુને 'ઈન્ટરસેપ્ટ' કરી શકે છે

બિલ કેન્દ્રને રાજ્યની સુરક્ષા, વિદેશી રાજ્યો સાથેના મૈત્રીપૂર્ણ સંબંધો, જાહેર વ્યવસ્થા, કટોકટી, જાહેર સલામતી અથવા અન્ય કાયદાના હિતમાં કોઈપણ વ્યક્તિને રોકવા, જપ્ત કરવા અથવા અટકાયત કરવાની સત્તા આપે છે.

- આ જોગવાઈ પોસ્ટલ અધિકારીઓને પોસ્ટલ વસ્તુઓને કસ્ટમ સત્તાવાળાઓને સોંપવાની પણ પરવાનગી આપે છે, જો તેઓને શંકા હોય કે તેમાં કોઈ પ્રતિબંધિત વસ્તુ છે અથવા આવી વસ્તુ પર કર લગાવી શકાય.

### પોસ્ટ ઓફિસની જવાબદારીમાંથી મુક્તિ

આ બિલ પોસ્ટ ઓફિસ અને તેના અધિકારીઓને "પોસ્ટ ઓફિસ દ્વારા પ્રદાન કરવામાં આવતી કોઈપણ સેવા દરમિયાન વસ્તુને નુકસાન, ખોટી ડિલિવરી, વિલંબ અથવા નુકસાનને કારણે ઉદ્ભવતી કોઈપણ જવાબદારીમાંથી મુક્તિ આપે છે, નિર્ધારિત કરી શકાય તેવી જવાબદારી સિવાય."

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દંડની સમાપ્તિ



આ બિલ 1888ના કાયદા હેઠળના તમામ ગુના અને દંડને નાબૂદ કરે છે.

- ઉદાહરણ તરીકે પોસ્ટ ઓફિસના અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા ગુનાઓ જેમ કે ગેરવર્તણૂક, છેતરપિંડી અને ચોરી અને અન્ય ગુનાઓને સંપૂર્ણપણે દૂર કરવામાં આવ્યા છે.
- જો કોઈ વ્યક્તિ પોસ્ટ ઓફિસ દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાનો લાભ લેવા માટે ફી ચૂકવવાનો ઈનકાર કરે છે અથવા અવગણના કરે છે, તો આવી રકમ તેને ચૂકવવાપાત્ર જમીન મહેસૂલની બાકી રકમની જેમ વહેસૂલવાપાત્ર રહેશે.

## 1898ના અધિનિયમની કલમ-4

વર્તમાન વિધેયક હેઠળ, 1898ના અધિનિયમની કલમ 4ને દૂર કરવામાં આવી છે, જેણે કેન્દ્રને તમામ પત્રો પોસ્ટ દ્વારા મોકલવાનો વિશેષ વિશેષાધિકાર પ્રદાન કર્યો હતો.

## ખાનગી કુરિયર સેવાઓ પર નિયંત્રણ

2023નું આ બિલ અથવા વિધેયક કુરિયર સેવાઓને તેના દાયરામાં લાવે છે અને પ્રથમ વખત તેનું નિયમન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# નરસંહાર પર UNODCનો વૈશ્વિક અભ્યાસ રિપોર્ટ, 2023

તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ ઓફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ (UNODC)એ નરસંહાર 2023 રિપોર્ટ પર એક વૈશ્વિક અભ્યાસ બહાર પાડ્યો છે.

- જેમાં જાણવા મળ્યું કે નરસંહાર સશસ્ત્ર સંઘર્ષ અને આતંકવાદ કરતા પણ મોટો ગુનો છે.
- નરસંહાર (Homicide) એ વ્યક્તિની હત્યા છે, પછી ભલે તે ઈરાદાપૂર્વક અથવા અજાણતા, કાયદેસર કે ગેરકાયદેસર હોય, જ્યારે હત્યા (Murder) એ પૂર્વનિર્ધારિત ઈરાદા અથવા દ્વેષ સાથેની વ્યક્તિની ગેરકાયદેસર હત્યા છે.

## રિપોર્ટના મુખ્ય મુદ્દાઓ

આ રિપોર્ટ અનુસાર 2019 અને 2021ની વચ્ચે હત્યાના કારણે સરેરાશ 4,40,000 મૃત્યુ થયા હતા.

- વર્ષ 2021 અપવાદરૂપે વિનાશક હતું, જેમાં 4,58,000 હત્યાઓ થઈ હતી.

- કોવિડ-19 મહામારીની આર્થિક અસર અને સંગઠિત ગુનામાં વધારો, ગેંગ સંબંધિત અને સામાજિક–રાજકીય હિંસાએ આ વધારામાં ફાળો આપ્યો છે.
- <u>2021 અને 2022</u>ની વચ્ચે સંઘર્ષ મૃત્યુમાં <u>95%</u>થી વધુ વધારો થયો હોવા છતાં, ઉપલબ્ધ ડેટા દર્શાવે છે કે <u>2022માં</u> વૈશ્વિક હત્યાનો બોજ સંઘર્ષના મૃત્યુ કરતા બમણો હતો.
- વૈશ્વિક નરસંહારમાં સંગઠિત અપરાધનો હિસ્સો <u>22%</u> છે, જે અમેરિકામાં <u>50%</u> સુધી પહોંચે છે.
- આબોહવા પરિવર્તન, વસતી વિષયક ફેરફારો, અસમાનતા, શહેરીકરણ અને તકનીકી પરિવર્તન જેવા પરિબળો વિવિધ પ્રદેશોમાં નરસંહારના દરને અલગ અલગ રીતે અસર કરે છે.
- અમેરિકામાં માથાદીઠ પ્રાદેશિક નરસંહાર દર સૌથી વધુ છે, 2021માં <u>1,00,000</u> વસતી દીઠ <u>15 હત્યાઓ</u> છે.
- આફ્રિકામાં 1,00,000 વસતી દીઠ <u>12.7ના</u> નરસંહાર દર સાથે સૌથી વધુ હત્યાઓ નોંધાઈ છે. આફ્રિકામાં અન્ય પ્રદેશોની સરખામણીમાં હત્યાના દરમાં ઘટાડો જોવા મળ્યો નથી.

**નોંધ :** ભારતમાં 2019 અને 2021 દરમિયાન નોંધાયેલા 16.8% હત્યાના કેસો મિલકત, જમીન અથવા પાણીની એક્સેસ અંગેના વિવાદોથી સંબંધિત હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. ભારતમાં કયો દિવસ 'કિસાન દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) 21 ડિસેમ્બર (B) 22 ડિસેમ્બર (C) 23 ડિસેમ્બર (D) 24 ડિસેમ્બર

(C)

2. ભારતમાં કોનો જન્મદિન 'કિસાન દિન' તરીકે ઉજવાય છે ?

(A) શ્રી અટલ બિહારી વાજપેઈ (B) શ્રી જયપ્રકાશ નારાયણ

(C) શ્રી મોરારજી દેસાઈ (D) શ્રી ચૌધરી ચરણસિંહ

(D)

3. તાજેતરમાં સમાચારમાં રહેલ 'પુનૌરા ધામ પ્રોજેક્ટ' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) ઉત્તરાખંડ (D) ઓડિશા

(B)

4. 'પોસ્ટ ઓફિસ બિલ, 2023' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલનો હેતુ પોસ્ટ ઓફિસ એક્ટ, 1898ને રદ કરવાનો છે.

2. આ બિલ કેન્દ્રને રાજ્યની સુરક્ષા, જાહેર વ્યવસ્થા કટોકટી, જાહેર સલામતી અથવા અન્ય કાયદાના હિતમાં કોઈપણ વ્યક્તિને રોકવા, જપ્ત કરવા અથવા અટકાયત કરવાની સત્તા આપે છે.

3. આ બિલ 1898ના કાયદા હેઠળના તમામ ગુના અને દંડને નાબૂદ કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3

(C) 1, 2 અને 3 (D) ફક્ત 1 અને 2

(C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

5. તાજેતરમાં 'નરસંહાર પર UNODCનો વૈશ્વિક અભ્યાસ રિપોર્ટ, 2023' પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તેના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ રિપોર્ટ અનુસાર 2019 અને 2021ની વચ્ચે હત્યાના કારણે 4,40,000 (વૈશ્વિક) મૃત્યુ થયા હતા.

(B) અમેરિકામાં માથાદીઠ પ્રાદેશિક નરસંહાર દર સૌથી વધુ છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા

(C)

## ગુજરાત

### ➤ ગુજરાત ફાયર સેફ્ટી COP ઇ-પોર્ટલ



એક મહત્ત્વપૂર્ણ પગલામાં ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ઈઝ ઓફ લિવિંગને આગળ વધારતા 'ગુજરાત ફાયર સેફ્ટી COP ઈ–પોર્ટલ'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આ પહેલનો હેતુ રાજ્યમાં અગ્નિ સલામતી સેવાઓની પારદર્શિતા મજબૂત અને વધારવાનો છે. શહેરી વિકાસ વિભાગ દ્વારા પ્રી–વાયબ્રન્ટ ગુજરાત સમિટના અનુસંધાનમાં આયોજિત 'આવતી કાલના જીવંત શહેરો' પરિષદ દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પોર્ટલ લોન્ચ કર્યું હતું. ઈઝ ઓફ લિવિંગ પહેલનો ઉદ્દેશ્ય લોકોને વિવિધ માળખામાં અગ્નિ સલામતી સુવિધાઓ સંબંધિત વિગતો પૂરી પાડવાનો છે, જેમાં ઉચ્ચ જોખમવાળી ઈમારતો, બહુમાળી સંકુલો, હોસ્પિટલો, હોટેલ્સ, શોપિંગ મોલ્સ, શાળાઓ અને કોલેજોનો સમાવેશ થાય છે. પોર્ટલનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે આ સંસ્થાઓમાં આગ સલામતીની જોગવાઈઓથી સારી રીતે પરિચિત છે.

### ➤ ગુજરાત રિન્યૂએબલ એનર્જી પોલિસી-2023

તાજેતરમાં ગુજરાત સરકારે 'ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી 2023'ની જાહેરાત કરી છે. નાણા અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ આ પોલિસીની જાહેરાત કરતા જણાવ્યું કે આ પોલિસી વિન્ડ, સોલાર અને હાઈબ્રિડ ટેક્નોલોજી પર આધારિત રિન્યૂએબલ જનરેશન પ્રોજેક્ટ્સની સ્થાપનાને પ્રોત્સાહિત કરનારી અને વ્યાપકપણે રિન્યૂએબલ એનર્જીના મુખ્ય સ્ત્રોતોને આવરી લેતી આગવી પોલિસી છે. આ પોલિસી અંતર્ગત ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર, રૂફટોપ સોલાર, ફ્લોટીંગ સોલાર, કેનાલ ટોપ સોલાર અને વિન્ડ, રૂફટોફ વિન્ડ અને વિન્ડ–સોલાર હાઈબ્રિડ પ્રોજેક્ટને આવરી લેવામાં આવ્યા છે. આ પોલિસીનો સમયગાળો નવી પોલિસી જાહેર ના થાય ત્યાં સુધી અથવા 2028 સુધીનો રાખવામાં આવ્યો છે. પોલિસીના અમલીકરણ, સંકલન અને દેખરેખ એજન્સી તરીકે ગુજરાત વિકાસ નિગમ લિમિટેડ કામગીરી હાથ ધરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **અયોધ્યા એરપોર્ટ માટે નવું એરોડ્રોમ લાયસન્સ**



ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ આતુરતાથી રાહ જોઈ રહેલા અયોધ્યા એરપોર્ટ માટે સત્તાવાર રીતે એરોડ્રોમ લાયસન્સ જારી કર્યુ છે. જેને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) દ્વારા આશરે રૂ.350 કરોડના ખર્ચે વિકસાવવામાં આવ્યું છે. AAIએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે એરપોર્ટને 2,200 મીટર લાંબા રનવેની બડાઈ સાથે જાહેર ઉપયોગની શ્રેણીમાં એરોડ્રોમ લાયસન્સ મળ્યું છે.

➤ **ભારત-યુએસ એન્ટિ-મની લોન્ડરિંગ/કાઉન્ટરિંગ ધ ફાઈનાન્સિંગ ઓફ ટેરરિઝમ (AML/CFT) સંવાદ**

ભારત અને અમેરિકાએ વૈશ્વિક ગેરકાયદે નાણાકીય જોખમોને પહોંચી વળવા સહયોગ કરવા માટે તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી છે. સંયુક્ત નિવેદન ભારત–યુએસ એન્ટિ–મની લોન્ડરિંગ– કાઉન્ટરિંગ ધ ફાઈનાન્સિંગ ઓફ ટેરરિઝમ સંવાદને અનુસરે છે, જેની સહ–અધ્યક્ષતા ભારતના મહેસૂલ સચિવ સંજય મલ્હોત્રા અને યુએસ ટ્રેઝરી અન્ડર–સેક્રેટરી ફોર ટેરરિઝમ એન્ડ ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ બ્રાયન નેલ્સને કરી છે. બંને પક્ષોએ ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF)ની ભલામણોને અનુરૂપ વર્ચ્યુઅલ એસેટ્સ માટે AML/CFT ધોરણોના વૈશ્વિક અમલીકરણને ઝડપી બનાવવા માટે 'દબાણની જરૂરિયાત' સ્વીકારી હતી. ગેરકાયદે નાણાંકીય જોખમોને ઘટાડતી વખતે જવાબદાર નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરીને નિયમનકારી આર્બિટ્રેજને અસરકારક રીતે સંબોધવાનો હેતુ છે. સંવાદમાં સહભાગીઓએ વર્ચ્યુઅલ અસ્ક્યામતો અને સેવા પ્રદાતાઓ સાથેના તેમના અનુભવોની ચર્ચા કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કોલાટ્ટમ નૃત્ય**



આંધ્રપ્રદેશના વિજયવાડામાં તાજેતરમાં બાળકોનો તહેવાર 'બાલોત્સવ' દરમિયાન કોલાટ્ટમ નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. કોલાટ્ટમ એ આંધ્રપ્રદેશ અને તમિલનાડુ રાજ્યોનું લોકનૃત્ય છે. તે ધાર્મિક પ્રદર્શનનો એક ભાગ છે જ્યાં સ્ત્રી નર્તકો આંધ્રપ્રદેશના ઘણા વિસ્તારોમાં મંદીરની દેવીને શ્રદ્ધાંજલિ આપે છે. કોલાટ્ટમ નૃત્ય મુખ્યત્વે સ્ત્રીઓનું નૃત્ય છે, તેમાં પુરુષોનો સમાવેશ થતો નથી. નૃત્યના આ પ્રકારને કોલકોલ્લાનાલુ અથવા કોલ્લાનાલુ પણ કહેવામાં આવે છે.

➤ **અમેરિકામાં ગેરકાયદેસર સ્થળાંતર**

યુનાઈટેડ સ્ટેટ્સ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શનના આંકડાઓ અનુસાર છેલ્લા એક દાયકામાં અમેરિકામાં ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સના ઘસારામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ પ્રવાહ એક દાયકા પહેલા સાધારણ 1500 થી વધીને 2023માં આશ્ચર્યજનક 96,917 થયો છે. ભારતીયો દ્વારા ગેરકાયદેસર સરહદ ક્રોસિંગમાં સૌથી નોંધપાત્ર વધારો 2000થી જોવા મળ્યો છે, જે 10,000થી ઓછી ઐતિહાસિક રીતે ઓછી સંખ્યામાંથી પ્રસ્થાન દર્શાવે છે. પરંપરાગત રીતે મોટાભાગના ગેરકાયદેસર ક્રોસિંગ યુએસ–મેક્સિકો બોર્ડર પર થયા છે.

➤ **CMFRIએ શેવાળ આધારિત ન્યુટ્રાસ્યુટિકલ્સનું વ્યાપારીકરણ કર્યુ**

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ (ICAR)-સેન્ટ્રલ મરીન ફિશરીઝ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CMFRI)એ બે શેવાળ આધારિત ન્યુટ્રાસ્યુટિકલ ઉત્પાદનો, કૈડલમિન TM ઈમ્યુનોલ્યુગિન એક્સ્ટ્રેક (Candalmin TM IMe) અને કૈડલમિન TM એન્ટિહાઈપરકોલેસ્ટેરોલિમક અર્કનું સફળતાપૂર્વક વ્યાપારીકરણ કર્યુ છે. ઈકો–ફ્રેન્ડલી ‘ગ્રીન’ ટેક્નોલોજી સાથે વિકસિત આ ઉત્પાદનોનો હેતુ એન્ટિ વાયરલ રોગપ્રતિકારક શક્તિ વધારવા અને ઉચ્ચ કોલેસ્ટ્રોલ અથવા ડિસ્લિપિડિમિયાનો સામનો કરવો પડે છે. સમુદ્રી શેવાળ અને આદિમ સમુદ્રી શેવાળ કે જેમાં મૂળ, દાંડી અને પાંદડા નથી, તે દરિયાઈ જીવસૃષ્ટિમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમુદ્રી શેવાળ પોષક લાભો અને ઔષધીય ગુણધર્મો પ્રદાન કરે છે.

➤ **શણના ખેડૂતોની સુવિધા માટે ‘પાટ-મિત્રો’ એપ**



તાજેતરમાં કાપડ મંત્રાલયે શણ (Jute) સેમિનાર દરમિયાન જ્યુટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (JCI) દ્વારા વિકસિત મોબાઈલ એપ્લિકેશન ‘પાટ–મિત્રો’ લોન્ચ કરી છે. એપ્લિકેશન 6 ભાષાઓમાં ઉપલબ્ધ છે અને તમામ કાર્યો વપરાશકર્તાઓને ફીમાં પ્રદાન કરવામાં આવશે. આ એપ કૃષિ પ્રથાઓ લઘુત્તમ ટેકાના ભાવ (MSP) વિગતો, શણગ્રેડેશન પેરામીટર્સ, યોજનાઓ, હવામાન આગાહી, JCI પ્રાપ્તિ કેન્દ્રોના સ્થાનો અને પ્રાપ્તિ નીતિઓ પણ પ્રદાન કરે છે. તે ખેડૂતોને તેમની શણની ચૂકવણીને ટ્રેક કરવા અને પ્રશ્નો માટે ચેટબોટનો ઉપયોગ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કાશી તમિલ સંગમમ**



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નમો ઘાટ વારાણસી ખાતે કાશી તમિલ સંગમમનું ઉદ્ઘાટન કર્યુ હતું. જેનો ઉદ્દેશ્ય ઉત્તર અને દક્ષિણ ભારત વચ્ચેના ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને સુધારવાનો છે. સ્થળ પર તમિલનાડુ અને વારાણસીની કલા, સંગીત હેન્ડલૂમ, હસ્તકલા, ભોજન અને અન્ય વિશેષ ઉત્પાદનોનું પ્રદર્શન કરતા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે. આ ઉત્સવ એક મહિના સુધી ચાલશે. કાશી (ઉત્તરપ્રદેશ) અને તમિલનાડુ વચ્ચેના પ્રાચીન સંબંધો 15મી સદીના છે જ્યારે મદુરાઈ નજીકના પ્રદેશના શાસક રાજા પરાક્રમ પંડ્યાએ તેમના મંદિર માટે લિંગમ પરત કરવા યાત્રા કરી હતી.

➤ **મિલેટ ક્વિન**

ઓડિશાના કોરાપુટ જિલ્લામાં રહેતા આદિવાસી ખેડૂત રાયમતી ઘુરિયાએ બાજરીની 30 જાતો સંરક્ષિત કરી છે. અને સેંકડો મહિલાઓને દુર્લભ બાજરીની ખેતીની તાલીમ પણ આપી છે. ઈન્ટરનેશનલ યર ઓફ મિલેટ્સની યાદીમાં આયોજિત G20 સમિટમાં તેમને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે કુન્દ્રા બાટી માંડિયા, જસરા, જુઆના અને જામકોલી સહિત ડાંગરની 72 પરંપરાગત જાતો અને બાજરીની ઓછામાં ઓછી 30 જાતોનું સંરક્ષણ કરીને કૃષિ ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. G20 સમિટમાં તેને 'મિલેટ ક્વીન'નું બિરુદ આપવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **સાલ્ટન સમુદ્રમાં લિથિયમનો ભંડાર મળી આવ્યો**

એક અભૂતપૂર્વ અભ્યાસમાં દક્ષિણી કેલિફોર્નિયાના સાલ્ટન સાગરમાં શોધખોળ કરતા વૈજ્ઞાનિકોએ અંદાજે 540 બિલિયન ડોલરના મૂલ્યના નોંધપાત્ર લિથિયમ અનામતની શોધ કરી છે. આ શોધ અમેરિકાને લિથિયમ ઉત્પાદનમાં સંભવિત અગ્રણી તરીકે સ્થાપિત કરે છે. આ લિથિયમ રિઝર્વમાં 382 મિલિયનથી વધુ ઈલેક્ટ્રિક વાહનો માટે બેટરી સપ્લાય કરવાની ક્ષમતા છે. આ પછી વૈશ્વિક લિથિયમ માર્કેટમાં અમેરિકા મુખ્ય ભૂમિકા ભજવશે. સાલ્ટન સાગર કેલિફોર્નિયાનું મોટું તળાવ છે. આ તળાવ વૈશ્વિક સ્તરે સૌથી મોટા લિથિયમ સ્ત્રોત તરીકે ઉભરી રહ્યું છે.

### ➢ ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીનો કોલ રિપોર્ટ-2023



ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) વાર્ષિક કોલસા બજાર અહેવાલ વૈશ્વિક કોલસાની માંગના માર્ગમાં નોંધપાત્ર ફેરફારની આગાહી કરે છે, જે 2026 સુધીમાં માળખાકીય ખાદ્ય સૂચવે છે. રિપોર્ટમાં વૈશ્વિક ઊર્જા સંકટ વચ્ચે કોલસાની માંગ વાર્ષિક ધોરણે 4% વધીને 2022માં 8.42 બિલિયન ટન થવાની તૈયારીમાં છે, જે એક રેકોર્ડ બનાવશે. એશિયા એ ઊર્જા અને બિન–ઊર્જા બંને ક્ષેત્રોમાં કોલસાની માંગ વૃદ્ધિનું પ્રાથમિક પ્રેરક છે. ચીનમાં કોલસાની માંગમાં 4.6% અથવા 200 મિલિયન મેટ્રિક ટન વધારો થયો છે. ભારતમાં કોલસાની માંગમાં 9%નો વધારો જોવા મળ્યો છે, જે 97 મિલિયન ટન સુધી પહોંચી ગયો છે. અમેરિકાએ કોલસાની માંગમાં લગભગ 8%ના ઘટાડાનો સામનો કર્યો છે. વપરાશમાં 4.3%નો વધારો હોવા છતા યુરોપે અપેક્ષા કરતા સારી વૃદ્ધિ દર્શાવી હતી. એકંદરે 2026માં વૈશ્વિક કોલસાનો વપરાશ 2023ની સરખામણીમાં 2.3% ઓછો રહેવાનો અંદાજ છે. ચીનના કોલસાના વપરાશમાં 2024માં ઘટાડો થવાની ધારણા છે અને 2026 સુધી તે સ્થિર રહેશે.

### ➢ માઈક્રોસોફ્ટ Phi-2

માઈક્રોસોફ્ટ દ્વારા તાજેતરના સ્મોલ લેંગ્વેજ મોડલ Phi-2નું રિલીઝ ભાષા મોડલની દુનિયામાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. Phi-1.5ના સુધારેલા સંસ્કરણ તરીકે સ્થાપિત આ મોડેલ જનરેટિવ AIમાં ક્ષમતાઓ ધરાવે છે જે લામા-2, મિસ્ટ્રલ અને જેમિની-2 જેવા મોટા સમકક્ષોને પડકાર આપે છે. મૂળભૂત રીતે 'પાઠ્યપુસ્તક–ગુણવત્તા' ડેટાસેટ્સ પર ફી-2 પ્રશિક્ષણમાં નિહિત છે. તેનો ઉદ્દેશ્ય સામાન્ય જ્ઞાન, ભાષાની સમજ, તાર્કિક તથા જટિલ ગાણિતિક અને ભૌતિકશાસ્ત્રની સમસ્યાઓને ઉકેલવામાં કુશળતા સાથે સશક્તિકરણ કરવાનો છે.

### ➢ SCOની સંયુક્ત આતંકવાદ વિરોધી કવાયત

તાજેતરમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO)ના સભ્ય દેશોના અધિકારીઓએ, SCO પ્રાદેશિક આતંકવાદ વિરોધી માળખાની કાર્યકારી સમિતિના સહયોગથી આતંકવાદી, અલગતાવાદી અને ઉગ્રવાદીઓની ઓનલાઈન પ્રવૃત્તિઓને કાબુમાં લેવા માટે સંયુક્ત આતંકવાદ વિરોધી કવાયત હાથ ધરી હતી. ભારત દ્વારા આયોજિત આ કવાયત આતંકવાદી, અલગતાવાદી અને ઉગ્રવાદી હેતુઓ માટે ઈન્ટરનેટના શોષણને ઘટાડવા પર કેન્દ્રિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®




➤ **WHO દ્વારા R21/Matrix-M મેલેરિયા રસીની પૂર્વ-યોગ્યતા**

મેલેરિયાના વૈશ્વિક નિવારણમાં એક મહત્ત્વપૂર્ણ વિકાસને ચિહ્નિત કરતા WHOએ તાજેતરમાં R21/Matrix-M મેલેરિયા રસીને તેની પૂર્વ–યોગ્ય (Prequalified) રસીની સૂચિમાં ઉમેર્યુ છે. ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસિત અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ઉત્પાદિત આ રસી બાળકોમાં મેલેરિયાને રોકવા માટે આશાસ્પદ છે. R21/Matrix-M રસી WHO પૂર્વ–યોગ્યતા પ્રાપ્ત કરનારી બીજી મેલેરિયા રસી બની છે, જેમાં પ્રથમ RTS, S/AS01 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# QUESTION OF THIS WEEK

1. આગામી અજંતા–ઈલોરા ફેસ્ટિવલ, 2024માં પદ્મપાણી લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ કોને મળ્યો છે ? – જાવેદ અખ્તર
2. વાર્ષિક ઉત્સવ ‘શર અમરતલા તોરગ્યા’ દર વર્ષે કયા રાજ્યમાં ઉજવવામાં આવે છે ? – અરૂણાચલ પ્રદેશ
3. તાજેતરમાં પ્રતિષ્ઠિત રોયલ સોસાયટી ઓફ કેમિસ્ટ્રીનું નાયહોમ પ્રાઈઝ–ફોર એજ્યુકેશન કોને એનાયત કરવામાં આવ્યું છે ? – સવિતા લાડગે
4. તાજેતરમાં સમાચારમાં રહેલ 'EKAMRA' પ્રોજેક્ટ કયા રાજ્યોનો છે ? – ઓડિશા
5. આર્જેન્ટિનાના નવા રાષ્ટ્રપતિનું નામ જણાવો ? – જેવિયર મિલી
6. ટાટા પાવર EV ચાર્જિંગ સોલ્યુશન્સ લિમિટેડ (TPEVCSEL)એ દેશભરમાં 500થી વધુ ચાર્જિંગ પોઈન્ટ્સ સ્થાપિત કરવા માટે કઈ કંપની સાથે MoU કર્યા છે ? – ઈન્ડિયન ઓઈલ
7. 2024માં યુનાઈટેડ નેશન્સ ક્લાયમેટ ચેન્જ કોન્ફરન્સ (COP29)નું આયોજન ક્યાં કરવામાં આવશે ? – બાકુ, અઝરબૈજાન
8. કઈ બેંકે ખાસ કરીને મહિલાઓ માટે નારિ શક્તિ બચત ખાતું શરૂ કર્યુ છે ? – બેંક ઓફ ઈન્ડિયા
9. ‘નમો ડ્રોન દીદી’ પહેલનું પ્રાથમિક ધ્યાન શું છે ? – મહિલા સ્વ–સહાય જૂથોનું સશક્તિકરણ
10. તાજેતરમાં પોલેન્ડના વડાપ્રધાન તરીકે કોણ ચૂંટાયા હતા ? – ડોનાલ્ડ ટસ્ક
11. ઈટાલીનું સર્વોચ્ચ નાગરિક સન્માન ‘ઓર્ડર ઓફ મેરિટ ઓફ ધ ઈટાલિયન રિપબ્લિક’ કોને એનાયત કરવામાં આવ્યું હતું ? – કબીર બેદી
12. MisrSat-2 સેટેલાઈટ કયા દેશોએ સંયુક્ત રીતે લોન્ચ કર્યો છે ? – ચીન અને ઈજિપ્ત
13. તાજેતરમાં સૌથી મોટી સહયોગી વાંચન ઈવેન્ટ કયા ભારતીય શહેરમાં યોજાઈ હતી, જેને ચીનના અગાઉના ‘ગિનીસ વર્લ્ડ રેકોર્ડ’નો રેકોર્ડ તોડ્યો હતો ? – પુણે
14. યુનાઈટેડ વર્લ્ડ રેસલિંગ (UWW) દ્વારા મહિલાઓમાં વર્ષના રાઈઝિંગ સ્ટાર તરીકે કોને પસંદ કરવામાં આવ્યા છે ? – અંતિમ પંઘાલ
15. હિમાલયન પર્વતારોહણ સંસ્થાની ટીમના સફળ અભિયાનનું નામ શું છે, જેણે માઉન્ટ રેનોકની ટોચ પર રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો હતો ? – મિશન એન્ટાર્કટિકા
16. ન્યુ જર્સીમાં યોજાયેલી મિસ ઈન્ડિયા–યુએસએ 2023 સ્પર્ધામાં કોણ વિજેતા બન્યું છે ? – રિજુલ મૌની

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

17. olaના સહ–સ્થાપક ભાવિશ અગ્રવાલ દ્વારા સ્થાપવામાં આવેલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાહસનું નામ શું છે, જેણે બહુભાષી AI મોડલ્સનો પરિવાર રજૂ કર્યો છે ? – Krutim AI
18. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ના તાજેતરના ડેટા અનુસાર 2022માં ખાદ્ય ભેળસેળના કેસોમાં કયું શહેર સૌથી આગળ છે ? – હૈદરાબાદ
19. ટેક્નોલોજી વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારતીય નૌકાદળે કઈ સંસ્થા સાથે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા હતા ? – IIT કાનપુર
20. શીખ લગ્નોની નોંધણી માટે આનંદ લગ્ન અધિનિયમ કયા ભારતીય પ્રદેશમાં લાગુ કરવામાં આવ્યો છે ? – જમ્મુ–કાશ્મીર
21. તાજેતરના અભ્યાસ મુજબ માનવીઓ દ્વારા _____ પાળવાના પ્રથમ પુરાવા ચીનમાં તિબેટીયન સ્વાયત્ત ક્ષેત્રના શન્નન પ્રાંતના બંગગામાં મળી આવ્યા છે. – યાક
22. ભારતીય હોકી ખેલાડી _____ ને વર્લ્ડ હોકી ફેડરેશને 2023નો શ્રેષ્ઠ હોકી ખેલાડી જાહેર કર્યો હતો. જ્યારે ભારતના _____ વર્ષના શ્રેષ્ઠ મહિલા હોકી ગોલકિપર જાહેર થયા હતા. – શ્રી હાર્દિક સિંઘ, સુશ્રી સવિતા પુનિયા
23. તાજેતરમાં G7 દેશોએ તેમના બજારોમાં કયા દેશના હીરાના પ્રવેશને રોકવાની યોજના બનાવી છે ? – રશિયા
24. તાજેતરમાં સમાચારમાં રહેલ 'હુથી બળવાખોર' જૂથ કયા દેશ સાથે સંકળાયેલ છે ? – યમન
25. એસેક્વિબો ક્ષેત્ર કયા બે દેશ વચ્ચેનો વિવાદિત વિષય છે ? – વેનેઝુએલા અને ગુયાના
26. તાજેતરના સરકારી ડેટા મુજબ ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)માં કૃષિનો વર્તમાન હિસ્સો કેટલો છે ? – 15%
27. કઈ એરલાઈન તાજેતરમાં એક કેલેન્ડર વર્ષમાં 100 મિલિયન મુસાફરોનું પરિવહન કરનાર પ્રથમ ભારતીય એરલાઈન બની છે ? – ઈન્ડિગો
28. તાજેતરમાં ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL)માં મુંબઈ ટીમની માલિકી કોણે જાહેર કરી છે ? – અમિતાભ બચ્ચન
29. AIના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરીને અક્સેન્ચરે તેનો જનરેટિવ AI સ્ટુડિયો કયા શહેરમાં લોન્ચ કર્યો છે ? – બેંગ્લુરુ
30. યુએસએની _____ કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને 2024 મતપત્રમાંથી ગેરલાયક ઠેરવ્યા છે. – કોલોરાડો સુપ્રીમ કોર્ટ
31. ગુજરાતના કયા શહેરોમાં તાજેતરમાં 'નેશનલ ક્લીન એર પ્રોગ્રામ' (NCAP) શરૂ કરવામાં આવ્યું હતું ? – સુરત, અમદાવાદ, રાજકોટ, વડોદરા
32. ગુજરાતના કયા–કયા શહેરોમાં 'એમિશન ટ્રેડિંગ સ્કીમ' કાર્યરત છે ? – સુરત, અમદાવાદ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

33. તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં સ્ટાર્ટઅપ કોન્કલેવ–2023નું આયોજન થયું હતું ? – ગાંધીનગર
(આ કોન્કલેવનું આયોજન વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024ની પૂર્વ–ઈવેન્ટ તરીકે કરવામાં આવ્યું હતું. આ કોન્કલેવની થીમ ઈનોવેટ, એલીવેટ, એક્સલરેટ હતી.)

34. તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં IVF થી ગીર ગાયે વાછરડીને જન્મ આપ્યો હતો ? – અમરેલી

35. તેજસ ફાઈટર જેટમાં કયા સ્વદેશી રડાર સિસ્ટમ લગાવવામાં આવશે ? – અંગદ અને ઉત્તમ રડાર

36. તાજેતરમાં કયા સ્થળે ‘સૈન્ય હેરિટેજ મહોત્સવ’નું આયોજન કરવામાં આવ્યું હતું ? – દિલ્હીના માણેકશાહ સેન્ટર ખાતે

37. કયા સ્થળે TRIFED દ્વારા આદિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું ? – જમશેદપુર, ઝારખંડ

38. 54માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં ‘ભારતીય સિનેમામાં યોગદાન માટે વિશેષ માન્યતા એવોર્ડ’ કોને એનાયત થયો છે ? – માધુરી દીક્ષિત

39. 54માં ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા (IFFI)માં ‘ગોલ્ડન પીકોક એવોર્ડ’ (શ્રેષ્ઠ ફિલ્મ) કોને એનાયત થયો છે ? – એન્ડલેસ બોર્ડર

40. તાજેતરમાં સૌરાષ્ટ્રના કયા શહેરના એકલ ઈક્ત પટોળાને GI ટેગ મળ્યો છે ? – રાજકોટ

41. તાજેતરમાં ‘કિશ્તવાડ કેસર’ને GI ટેગ મળ્યો હતો. તે કયા પ્રદેશ સાથે સંકળાયેલ છે ? – જમ્મુ કાશ્મીર

42. તાજેતરમાં ઉદાંગુડી ગોળ (અથવા ઉડાંગુડી ગોળ)ને GI ટેગ મળ્યો છે. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – તમિલનાડુ

43. GI ટેગ સંબંધિત તાંગસા કાપડ, ખાવતાઈ અને યાક ચૂરપી કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – અરૂણાચલ પ્રદેશ

44. GI ટેગ સાથે સંબંધિત દગડી જુવાર, બોરસુરી તુવેર દાળ, કાસ્તી ધાણા અને કાવાડી માળા કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – મહારાષ્ટ્ર

45. તાજેતરમાં શાદુ માટીની ગણેશજીની મૂર્તિ અને કુન્થલગીરી ખોયાને GI ટેગ આપવામાં આવ્યો હતો. તે કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – મહારાષ્ટ્ર

46. GI ટેગ સાથે સંબંધિત મંડુઆ રાગી, ચૈલાઈ, લાલ ચોખા, ઝાંગોરા ચોખા, બેરીનાગ ચા, રામગઢ આદુ, ગહત માલ્ટા કયા રાજ્ય સાથે સંકળાયેલ છે ? – ઉત્તરાખંડ

47. ઈરાની ટ્રોફી 2023-24માં કઈ ટીમ વિજેતા બની હતી ? – રેસ્ટ ઓફ ઈન્ડિયા

48. મીરાબાઈની 525મી જન્મજયંતિની કયા સ્થળે ઉજવણી કરવામાં આવી હતી ? – મથુરા

49. કયા તાલુકાનું પાટીદડ ગામ ગુજરાતનું પ્રથમ દીકરી ગામ બન્યું છે ? – ગોંડલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

50. દેશના પ્રથમ ફોટોગ્રાફી મ્યુઝિયમનું _____ માં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. – મસુરી

51. સંસદની સુરક્ષા માટે _____ ને તૈનાત કરવામાં આવશે. – CISF

52. કુવૈતના નવા અમીર (સુલતાન) કોણ બન્યું છે ? – શેખ મિશાલ અલ–અહમદ અલ–સબાહ

53. તાજેતરમાં ભારતના સશસ્ત્ર દળોને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે પ્રતિષ્ઠિત _____ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. – ગોલ્ડન આઉલ

(ઉત્કૃષ્ઠતાના અદ્‌ભૂત પ્રદર્શનમાં શ્રીલંકામાં ડિફેન્સ સર્વિસ કમાન્ડ એન્ડ સ્ટાફ કોલેજ (DSCSC) ખાતે પ્રતિષ્ઠિત કમાન્ડ એન્ડ સ્ટાફ કોર્સમાંથી પસાર થઈ રહેલા સશસ્ત્ર દળોના ત્રણ અધિકારીઓને તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રતિષ્ઠિત 'ગોલ્ડન આઉલ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.)

54. તાજેતરમાં કયા મંત્રાલયે નેશનલ જીઓસાયન્સ ડેટા રિપોઝીટરી પોર્ટલ લોન્ચ કર્યુ છે ? – ખાણ મંત્રાલય

55. તાજેતરમાં સમાચારમાં રહેલ 'ગલેફુ સ્પેશિયલ એડમિનિસ્ટ્રેશન રિજન' કયા દેશમાં આવેલો છે ? – ભુટાન

56. 'JN.1' અને Pirola શબ્દ તાજેતરમાં સમાચારમાં હતા. તે કોની સાથે સંબંધિત છે ? – Covid-19

57. મહિલા ડબલ્સ ઈવેન્ટમાં કયા રાજ્યએ 75મી ઈન્ટર સ્ટેટ–ઈન્ટર ઝોનલ બેડમિન્ટન ચેમ્પિયનશિપ 2023 જીતી છે ? – મહારાષ્ટ્ર

58. NTPC ક્રાંતિને કઈ શ્રેણીમાં FICCI વોટર એવોર્ડ 2023 મળ્યો છે ? – ઔદ્યોગિક પાણી વપરાશ કાર્યક્ષમતા

59. સરકારે કયા વર્ષ સુધીમાં પરમાણુ ઊર્જા ક્ષમતા 7480 મેગાવોટથી વધારીને 22480 મેગાવોટ કરવાનું લક્ષ્ય રાખ્યું છે ? – 2031-32

60. તાજેતરમાં સમાચારમાં રહેલ કેન–બેતવા લિંક કેનાલ કયા નેશનલ પાર્કમાંથી પસાર થાય છે ? – પન્ના રાષ્ટ્રીય ઉદ્યાન

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT